Monday
24.07.2023
*Volume :7 * Issue No.356
*Email.:kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor:Mahesh N. Patel:- (98249 10606)

વિશ્વાસથી વિકાસ યાત્રા

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

*Managing Editor:Arjun Sondarva *Office:A-3, Plot No. R-13, TanishqComplex,NewGreencity, Sector-26, Gandhinagar(Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs.90/-

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં લાયન્સ કલબનો ડિસ્ટ્રિક્ટ કેબિનેટ ઈન્સ્ટોલેશન સમારોહ યોજાયો

રાજ્યપાલશ્રી તથા આંતરરાષ્ટ્રીય નિર્દેશકોની હાજરીમાં નવનિયુક્ત લાયન્સ ડિસ્ટ્રીક્ટ 3232 B 3 અને B 4ના ગવર્નરે સંભાળ્યો પદભાર

કમલમ્ ન્યુઝ,
રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં લાયન્સ ક્લબનો ડિસ્ટ્રિક્ટ કેબિનેટ ઈન્સ્ટોલેશન અમદાવાદ ખાતે સમારોહ યોજાયોહતો. આ પ્રસંગે પોતાના સંબોધનમાંરાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, દેશની ઉન્નતિ માટે દિવસ રાત જોયાવગર કાર્યરત એવા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદી ગુજરાતના સપૂત છે તે આપણા સૌ માટે ગૌરવની વાતછે. તેમના નેતૃત્વમાં દેશ ઉન્નત બની રહ્યો છે. આપણે સૌએ તેમના હાથ મજબૂત કરીને ભારતને વિશ્વ ગુરુ બનાવવાના સંકલ્પને સાકાર કરવામાંયોગદાન આપવુંજોઈએ. તેમાંપણ સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થાઓમાં કાર્યરત બુદ્ધિશાળીઅને પ્રબુદ્ધ નાગરિકોનો સહયોગ દેશના વિકાસને વધુ વેગવાન બનાવશે. એમ તેમણે ઉમેર્યું હતું.

રાજ્યપાલશ્રીએજણાવ્યું કે, માનવતા, પર્યાવરણ, આરોગ્ય અને ગરીબો માટે લાયન્સ ક્લબનીસેવા પ્રવૃત્તિ ખૂબ જ પ્રશંસનીય અને અભિનંદનને પાત્ર છે. તેઓશ્રીએ ઉમેર્યું કે, માનવ દેહની સાર્થકતા બીજાને મદદરૂપ થવામાં છે. આપણા શાસ્ત્રોમાં પણ માનવજન્મનો હેતુ દર્શાવવામાં આવ્યા છે. જેમાં ધર્મ, અર્થ, કામ થકી મોક્ષની પ્રાપ્તિ ઈશ્વરની ભક્તિથી થાય છે. પરોપકાર દ્વારા પરમસુખનો માર્ગ લાયન્સ ક્લબના સભ્યોએ પસંદ કર્યો છે. ઉલ્લેખનીય છે કે,લાયન્સ કલબ ઈન્ટરનેશનલ ૧૦૫ વર્ષ જૂનું વિશ્વનું સૌથીમોટું NGO છે. જે હાલમાં ૨૧૦ દેશોમાં ૧૪ લાખથી વધુસભ્યો ધરાવેછે. જેમાં ગુજરાત ખાતે ૩૨૩૨ ૠ ૩અને ૠ ૪ એમ બે નવા ડિસ્ટ્રીક્ટની કેબિનેટનું ગઠન કરવામાંઆવ્યું છે. આપ્રસંગે ઉપસ્થિતરહેવાને પોતાનું સૌભાગ્ય ગણાવતા રાજ્યપાલશ્રી આચાર્યદેવવ્રતજીએ ઉમેર્યું કે, હોદ્દો છોડનારવ્યક્તિ ઉત્સાહ સાથે તાળી વગાડી નવનિયુક્ત હોદ્દેદારને વધુ સારા કામો કરવામાટે શુભેચ્છાઓ આપી રહ્યાછે. લાયન્સક્લબનીઆ ઉજળી પરંપરા છે. તેમણે ઉમેર્યું કે,સંવેદનશીલ વળાંક પર આવી ચુકેલી યુવાપેઢીને નિર્વ્યસની, સંસ્કારી અને જવાબદાર બનાવવાનુંઆપણું કર્તવ્યછે. માતૃ દેવો ભવઃ, પિતૃદેવો ભવઃની આપણીસંસ્કૃતિ છે. જ્યાં માતાપિતા અને વડીલોને આદર આપવાની વાત છે. તેનાથી વિપરીત વૃદ્ધાશ્રમોની વધતી સંખ્યા ચિંતા ઉપજાવેછે.સંસ્કાર સિંચનપર ભાર મુકતા તેઓશ્રીએ કહ્યું કે, આપણે આજે જેવું આપણા માતા-પિતા સાથે કરીશુંતેવું ભવિષ્યમાં સંતાનો આપણી સાથે કરશે. રાજ્યપાલશ્રીએ જણાવ્યુંકે, આપણા ઋષિમુનિઓ લખીને ગયા છે તે અનુસાર સૃષ્ટિનું પ્રત્યેક જડ અને ચેતન સ્વરૂપનિર્માણ કંઈકને કંઈક ઉદ્દેશ્ય માટે થયું છે. કોઈપણ વસ્તુ પોતાના માટે જ નથીસર્જાઈ. તે જ રીતે મનુષ્ય જન્મનું પરમ લક્ષ્ય માત્ર પોતાનું જીવન જ નથી, પરોપકાર પણ છે. ઋગ્વેદના શ્લોકને ટાંકીને રાજ્યપાલશ્રી કહ્યું કે, આ ધરતી પર બીજાની સમસ્યા, દુઃખ અને આંસુને સમજીને તેને દૂર કરવામાંમનુષ્ય જન્મની સાર્થકતા છે. લાયન્સ ક્લબ કુદરતી આપત્તિમાં રાહત કાર્ય, ટીબી નિર્મૂલન, હોસ્પિટલ નિર્માણ, દર્દીઓની સેવા, બાળકોના અભ્યાસ સહિતના સેવાકાર્યો દ્વારા આ સાર્થકતા પુરવાર કરી રહ્યું છે. આપણે સૌ એકબીજાની દવા બનીએ એ જ જીવનની સાર્થકતા છે. કારણકે દુનિયા દુઃખ આપનારાઓને નહીં પણ દુઃખ ભાંગનારાઓને યાદ રાખેછે. એમ તેમણે કહ્યુંહતું. આપ્રસંગે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર સભ્યોનું રાજ્યપાલશ્રીના વરદ હસ્તે એવોર્ડ આપી સન્માન કરવામાંઆવ્યું હતું. આજના સમારોહમાં લાયન્સ ક્લબના પૂર્વ આંતરરાષ્ટ્રીય નિર્દેશક શ્રી પ્રવીણ ઝાંઝર અલ્ટ્રાટેક સિમેન્ટ કંપનીના ઉપાધ્યક્ષ શ્રી કે. કે. મહેશ્વરી, લાયન્સ ક્લબના આંતરરાષ્ટ્રીય નિર્દેશક શ્રી જીતેન્દ્ર ચૌહાણ, આંતરરાષ્ટ્રીય નિર્દેશક શ્રી બાલકૃષ્ણ બુર્લકોટિ સહિત લાયસન ક્લબના સભ્યો અને આમંત્રિત મહાનુભાવો સામેલ થયા હતા.

ભારે વરસાદની સ્થિતિમાં મંત્રીશ્રી ભાનુબેન બાબરીયાએ કોટડાસાંગાણી અને ગોંડલ તાલુકાના ગામોના અસરગ્રસ્ત લોકોની સ્થિતિનો ક્યાસ મેળવ્યો

કોટડાસાંગાણીના કરમાળ અને પીપળીયા ગામેથી ૨૫ લોકોને અને ગોંડલના બિલડી અને કમઢીયા ગામના ૨૪ વ્યક્તિને રેસ્કયુ કરાયા

કમલમ્ ન્યુઝ,રાજકોટ
મહિલા અને બાળ કલ્યાણ વિભાગના મંત્રીશ્રી ભાનુબેન બાબરીયાએભારે વરસાદના કારણે રાજકોટ જિલ્લાના કોટડાસાંગાણી અને ગોંડલ તાલુકાના ગામોના અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી. કોટડાસાંગાણી તાલુકાના કરમાળ ડેમના દરવાજા વધુ વરસાદને કારણે ખોલાતાં ઈશ્વરીયા ગામની નદી બે કાંઠે વહેવા લાગી હતી. જેના લીધે નદી કાઠાના નીચાણવાળા વિસ્તારમાં રહેતા લોકોને સુરક્ષિત સ્થળે પહોંચાડવાની સરાહનીય કામગીરીતંત્ર તેમજ એન.ડી.આર.એફની ટીમ દ્વારા કરાઈ હતી. આ સાથે મંત્રીશ્રી ભાનુબેન બાબરીયાએ અસરગ્રસ્ત વિસ્તારમાં ઉપસ્થિતરહીને વહીવટીતંત્ર તેમજ એન.ડી,આર.એફની ટીમ પાસેથી પરિસ્થિતિનો ક્યાસ મેળવ્યોહતો. અને ગ્રામજનો સાથે વાતચીત કરીને તેમને જરૂરી તમામ મદદની ખાત્રી આપી હતી, અને સાંત્વના પાઠવી હતી. કોટડાસાંગાણીના કરમાળ અને પીપળીયા ગામેથી ૨૫ લોકોને અને ગોંડલના બિલડી અને કમઢીયા ગામેથી ૨૪ મળી કુલ ૪૯ લોકોનો રાહત બચાવ કરાયા હતા. આ ભારે વરસાદની સ્થિતિમાં અસરગ્રસ્ત વિસ્તારોમાંજસદણ પ્રાંતઅધિકારીશ્રી રાજેશઆલ, ગોંડલ, કોટડાસાંગાણી અને જસદણ તાલુકાઓના મામલતદારશ્રીઓ, ગામના સરપંચશ્રીઓઅને અગ્રણીઓતમામ પ્રકારનીસહાય માટે ઉપસ્થિત રહ્યા હતા.

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે તા. ૨૭ના રોજ સૌરાષ્ટ્રની જીવાદોરી સમાન "'સૌની" યોજનાના લીંક ૩ના પેકેજ-૮ અને પેકેજ–૯નું લોકાર્પણ

અંદાજિત રૂ. ૩૯૩.૬૭ કરોડના ખર્ચે સૌરાષ્ટ્રના ૫૨,૩૦૦ એકરથી વધુ વિસ્તારને મળશે સિંચાઈ માટે પાણીઃ અંદાજિત ૧ લાખ લોકોને મળશે માં નર્મદાના પાણીનો લાભ

કમલમ્ ન્યુઝ,
સૌરાષ્ટ્રની સૂકી ધરાને "સૌની" યોજનાથકીમાં નર્મદાના આશીર્વાદ મળ્યા છે. વર્ષો અગાઉ દુકાળનો માર સહન કરનારું સૌરાષ્ટ્ર ક્યારેય સિંચાઈ તથા પીવાના પાણી માટે વલખા ન મારે તેવું દૂરંદેશીપૂર્ણ અને નક્કર આયોજન તત્કાલીન મુખ્યમંત્રીશ્રી તથા વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા કરવામાં આવ્યું હતું, જેના ભાગરૂપે "સૌની" યોજના શરૂ કરવામાં આવી હતી. વર્ષ ૨૦૧૬માં સૌરાષ્ટ્રમાં આજી-૩ ડેમમાં નર્મદાના નીરના અવતરણ વખતે રાજકોટના અનેક ગામોમાં લાપસીના આંધણ મુકાયા હતા. ફરી વાર આવો જ માહોલ સર્જાવા જઈ રહ્યો છે. તા. ૨૭ જુલાઈના રોજ સૌરાષ્ટ્રની જીવાદોરી સમાન "સૌની" યોજનાના લીંક ૩ના પેકેજ-૮ અને પેકેજ–૯નું લોકાર્પણ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના કર-કમલો વડે કરવામાં આવનાર છે. આ બંને પેકેજની કામગીરી અંદાજિત રૂ. ૩૯૩.૬૭ કરોડના ખર્ચે થઈ છે. "સૌની" યોજના લીંક-૩ના પેકેજ ૮ અંતર્ગત રૂ.૨૬૪.૯૬ કરોડના ખર્ચે લીંક-૩ના પેકેજ-૫ ની મુખ્ય પાઈપ લાઈન ગુંદાસરા ગામ નજીકના એન્ડ પોઈંટથી ભાદર-૧ ડેમ સુધી જોડવામાં આવી છે. જેમાં પેકેજ-૮ના ૩૨.૫૬૧ કિ.મી. માટેના પાઈપલાઈન તથા વેરી તળાવને આશરે ૧.૮ કીમી પાઈપ લાઈન નાખી જોડવામાં આવેલ છે. "સૌની" યોજનાલીંક-૩ પેકેજ-૮ દ્વારા ૪૨,૩૮૦ એકર વિસ્તારને સિંચાઈનો સીધો લાભ મળશે. જેનાથી આશરે ૧૦,૫૬૮ ખેડૂતો સિંચાઈ માટે પાણી મેળવી શકશે. ઉપરાંત આસપાસના ૫૭ ગામોના ૭૫ હજારથી વધુ લોકોની પીવાના તથા સિચાઈના પાણીની સુવિધામાં વધારો થશે "સૌની" યોજનાલીંક-૩ના પેકેજ-૯માં આજી-૧ એક્ષટેન્શન તથા ફોફળ-૦૧ ફીડર એક્ષટેન્શન અન્વયે રૂ.૧૨૮.૭૧ કરોડના ખર્ચે લીંક-૩ના પેકેજ-૪ના ઠેબચડા ગામ પાસેથી પાસેથી આજી-૧ જળાશયના સબમર્જન્સ સુધી આશરે ૬.૨૭૯ કિ.મી. લંબાઈનીપાઈપલાઈનની કામગીરી કરવામાં આવી છે. ફોફળ-૧ના એક્ષટેન્શન ફીડર પાઈપલાઈનના કામમાંલીંક-૩ના પેકેજ-૫ પાસેથી (ગામ : ચાંદલી તા. લોધિકા) કનેક્શન આપીફોફળ-૧ જળાશય ના સબમર્જન્સ સુધી આશરે ૨૮.૧૩૨ કિ.મી. લંબાઈની પાઈપલાઈન જોડવામાં આવી છે. વડાપ્રધાનશ્રીના હસ્તે લોકાર્પિત થનાર પેકેજ-૯દ્વારા ૩૮ ગામોના ૨૩૦૦૦ થી વધુ લોકોને ફાયદો થયો છે તથા ૧૦,૦૧૮ એકર જમીનને સિંચાઈની અને પીવાના પાણીની સુવિધાઓ મળશે. "સૌની" યોજનાથકીમાં નર્મદાના પાણીથીસૌરાષ્ટ્રનીધરા નવપલ્લવિત થઈ રહી છે. પ્રધાનમંત્રીશ્રીના દૂરંદેશીભર્યા આયોજન થકીઆજે સૌરાષ્ટ્રનો ખેડૂત ત્રણ ઋતુનો પાક લેતો થયો છે.

શ્રીમતી સુનીતા અગ્રવાલજીએ ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે શપથ લીધા

રાજભવનમાં યોજાયેલા શપથવિધિ સમારોહમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ શપથ લેવડાવ્યા

મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી, કાયદો અને ન્યાયતંત્રના મંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલની ઉપસ્થિતિમાં શપથવિધિ સમારોહ યોજાયો

કમલમ્ ન્યુઝ,
રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ શ્રીમતી સુનીતા અગ્રવાલજીને ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે શપથ લેવડાવ્યા હતા. રાજભવનમાં આયોજિત શપથવિધિ સમારોહમાંમુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી, રાજ્યના કાયદો, ન્યાયતંત્ર, વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ અને મુખ્ય સચિવ શ્રી રાજકુમાર ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી, મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્રભાઈ પટેલ અને મંચસ્થ મહાનુભાવોએ પુષ્પોઅર્પણ કરીને મુખ્ય ન્યાયાધીશ શ્રીમતીસુનીતા અગ્રવાલજીને અભિનંદન અને શુભકામનાઓ પાઠવ્યા હતા. શપથવિધિનું સંચાલન રાજ્યપાલશ્રીનાઅગ્ર સચિવ શ્રી રાજેશ માંજુએ કર્યું હતું. રાજભવનના પ્રાંગણમાં યોજાયેલા શપથવિધિ સમારોહમાં પ્રોટોકોલ રાજ્ય મંત્રી શ્રીજગદીશભાઈ વિશ્વકર્મા, ગાંધીનગરના મેયર શ્રી હિતેશભાઈ મકવાણા, ગુજરાતના લોકાયુક્ત જસ્ટિસ શ્રી આર. એચ. શુક્લ, રાજ્યનાવિજિલન્સ કમિશનર શ્રીમતી સંગીતાસિંઘ, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવ શ્રી કે. કૈલાશનાથન, ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિશ્રીઓ, વરિષ્ઠ અધિકારીઓ અને મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.

તંત્રી સ્થાનેથી......

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે હિરાસર ગ્રીનફિલ્ડ એરપોર્ટનું લોકાર્પણ થવા જઈ રહ્યું છે, ત્યારે હિરાસર એરપોર્ટ ખાતે તમામ તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે, અને હિરાસર ગ્રીનફિલ્ડ એરપોર્ટ હવેથી ''રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ'' તરીકે ઓળખાશે. રાજકોટ એરપોર્ટ ડીરેક્ટર શ્રી દિગંત બોરાના જણાવ્યા અનુસાર, આજરોજ એરપોર્ટ ઓર્થોરિટી સાથે આયોજિત વિડીયો કોન્ફરન્સમાંચેરમેનશ્રી સંજીવકુમારદ્વારા હીરાસર ગ્રીનફિલ્ડ એરપોર્ટનું ''રાજકોટ ઈન્ટરનેશનલએરપોર્ટ'' તરીકેનામકરણ કરવામાંઆવ્યુંહોવાનું જાહેર કરાયું હતું. આથી હવેથીઆ એરપોર્ટ ''રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ'' તરીકે ઓળખાશે. એરપોર્ટ ખાતે ઉભા કરાયેલા કલાત્મક ટર્મિનલ બિલ્ડીંગખાતે એરાઈવલ અને ડીપાર્ચરસહિતની જગ્યાઓને સાઈનેજીસથી સજ્જ કરી દેવામાં આવ્યું છે. ટર્મિનલમાં સિક્યોરિટી બેરીયર અને ટ્રોલીની સુવિધાઓ ઉપરાંત, વિવિધ ઓફિસો સાધનોથી સજ્જ કરી દેવામાં આવી છે. ઓપરેશન મેનેજમેન્ટ સ્ટાફ દ્વારા વિવિધ સ્થળોની રેકી કરી લેવામાં આવી છે. એરપોર્ટ ખાતે જરૂરી સાફસફાઈ કામગીરી પણપૂર્ણ કરીદેવામાં આવીછે. હાલમાંએરપોર્ટ ઓર્થોરિટીના ચેરમેન શ્રીસંજીવકુમાર હિરાસર એરપોર્ટની મુલાકાતલઈ ચુક્યા છે. તેમજ ડી.જી.સી.એ. નીટીમ દ્વારામુલાકાત લઈફાઈનલ ઈન્સ્પેકશનની પ્રક્રિયા હાથધરવામાંઆવીહતી. અત્રેઉલ્લેખનીય છેકે તા. ૨૭જુલાઈના રોજ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી પ્લેનદ્વારા હિરાસર એરપોર્ટ ખાતે ઉતરાણ કરીરેસકોર્સ મેદાનખાતે જનસભાને સંબોધન કરશે.

"જીવદયા આપણી સંસ્કૃતિ છે" - મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ

કમલમ્ ન્યુઝ,રાજકોટ

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલઆજે રાજકોટમાંહેમુ ગઢવીહોલખાતે કરુણાફાઉન્ડેશન ટ્રસ્ટ એનિમલહેલ્પલાઈન દ્વારાઆયોજિત અભિવાદન સમારોહમાં વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ તકે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, આપણીસંસ્કૃતિ પહેલા પશુપંખીઓને ખવડાવીને પછીજાતે ભોજન ગ્રહણ કરવાની છે. ગાયો તથાઅબોલ જીવમાટે કાર્યરત સંસ્થાઓસેવાકીય પ્રવૃત્તિકરે છે. આ ઉપરાંત રાજ્યનાતમામ નાગરિકોએ ગાયોતથાઅબોલ જીવમાટે જરૂરીતમામ મદદ અને સેવાકરવીજોઈએ. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, અનાજમાં થતા રાસાયણિક ખાતરોના ઉપયોગના કારણેજમીન ઉજ્જડઅને બિન ઉપજાઉ બને છે, નાગરિકોમાં વિવિધપ્રકારના રોગો થાય છે, જેને અટકાવવામાટે ગાય આધારિત પ્રાકૃતિક ખેતી સરવાળે વધુ લાભદાયક છે. જેમાં જમીનની ફળદ્રુપતા, ગાયોનો નિભાવ, નાગરિકોને સુપોષિત આહારની ઉપલબ્ધિ વગેરે માટે રાજ્યપાલશ્રી દ્વારા અભિયાન ચલાવવામાં આવે છે. આ ઉપરાંત, વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ પાણીના જતન માટે દરેક જિલ્લામાં ૭૫ અમૃતસરોવરોનું નિર્માણ, ગ્લોબલ વોર્મિંગથકી ઉત્પન્ન થતી સમસ્યાઓના નિવારણ માટે 'મિશન લાઈફ' વગેરે જેવી પ્રવૃત્તિઓશરૂ કરાવીછે. જેને અનુસરતાં આપણેપ્રકૃતિઆધારિત જીવનશૈલી અપનાવવીજોઈએ. અને રોજબરોજના જીવનમાં ઉપયોગી એવું વૃક્ષારોપણ કરી તેની દેખભાળ કરવીજોઈએ. આતકે કૃષિમંત્રીશ્રીરાઘવજીભાઈ પટેલેપ્રાસંગિક ઉદબોધન કરતાજણાવ્યુંહતું કે, રાજ્યના અબોલપશુઓને મદદરૂપથનાર સંસ્થાના સંચાલકોઅને લોકોને પ્રોત્સાહન આપવાનાહેતુસર સરકારે આ વખતના બજેટમાં ખાસ રૂપિયા ૫૦૦ કરોડની જોગવાઈ કરી છે. આજે આશરે ૧૧૦૦થી વધુ સંસ્થાઓ દૈનિક પશુ દીઠ રૂ. ૩૦ લેખે સહાય મેળવી



રહી છે. આ ઉપરાંત પશુઓની તમામ સારસંભાળ માટે રાજ્ય સરકારશ્રી દ્વારા અનેકવિધ યોજનાઓ અમલી બનાવાઈ છે. આ પ્રસંગે મહાનુભાવો દ્વારા મુખ્યમંત્રીશ્રીનું પુષ્પગુચ્છથી સ્વાગતકરાયું હતુ. ધારાસભ્ય સુશ્રી ડૉ. દર્શિતાબેન શાહે આભારવિધિ કરીહતી. આ કાર્યક્રમમાં પાણીપુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયા, સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીસુશ્રી ભાનુબહેન બાબરીયા, સાંસદશ્રી રામભાઈ મોકરિયા, સાંસદશ્રી મોહનભાઈ કુંડારિયા, ધારાસભ્ય શ્રી રમેશભાઈ ટિલાળા, મેયર શ્રી ડૉ. પ્રદીપ ડવ, ડેપ્યુટીમેયર શ્રી કંચનબહેન, જિલ્લા કલેક્ટર શ્રી પ્રભવ જોશી, શહેર પોલીસ કમિશનર શ્રી રાજુ ભાર્ગવ, અગ્રણીશ્રી ડૉ ભરત બોઘરા, અગ્રણીશ્રી મુકેશદોશી, જૈન મુનિશ્રી જે.પી. ગુરુદેવ, સામાજિક સંસ્થાના શ્રેષ્ઠીશ્રીઅજય શેઠ, વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

કમલમ્ન્યુઝ,ચેતન પટેલ-મહેસાણા

મહેસાણા ખાતે ભારતિયા માથુર વૈશ્ય ગુપ્તા સમાજ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું મહેસાણા ખાતે વર્ધમાન સ્કૂલનાહોલ માંઅખિલ ભારતીય માથુર વૈશ્ય સમાજ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ નુ આયોજન કરવામાં આવ્યુ આ બ્લડ ડોનેશન કેમ્પ માં ૧૧૧ રક્તદાતાઓ એ બ્લડ ડોનેટ કર્યુ હતુ આ બ્લડ ડોનેશન કેમ્પ માં રક્તદાન આપનારા દાતાઓ ને વૃક્ષ નો છોડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા

મદદનીશ નિયામક રોજગારની કચેરી, અમદાવાદ દ્વારા ભરતી મેળો યોજાયો

અસારવા વિધાનસભાના ધારાસભ્ય શ્રી દર્શનાબહેન વાઘેલાની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં યોજાયો ભરતી મેળો

કમલમ્ ન્યુઝ,

મદદનીશ નિયામક રોજગારનીકચેરી,અમદાવાદ દ્વારા અસારવા બહુમાળી ભવન ખાતે રોજગાર ભરતી મેળો યોજાયો હતો. જેમાંઅસારવાના ધારાસભ્ય શ્રી દર્શનાબહેન વાઘેલા વિશેષ ઉપસ્થિત રહ્યાંહતાં. આ રોજગાર ભરતી મેળામાં કુલ ૫૬૭ જેટલા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા જેમાંથી ૪૩૮ વિદ્યાર્થીઓની પ્રાથમિક પસંદગી થઈ હતી. રોજગાર મેળાની સાથે સાથે વિદ્યાર્થીઓ માટે ખાસ પ્રેરણાત્મક સ્વરોજગાર શિબિર તથા ઓવરસીઝ સેમીનાર પણ યોજાયો હતો. આ રોજગારભરતી મેળામાં અમદાવાદ જિલ્લાની અગ્રગણ્ય કંપનીઓ દ્વારા વિદ્યાર્થીઓની પ્રાથમિક પસંદગી થઈ હતી. કુલ ૧૮ જેટલી વિવિધ કંપનીઓના પ્રતિનિધિઓહાજર રહ્યાહતા. આ કંપનીઓમાં મહેતાકેડકેમ, ઈશાન નેટસોલ પ્રા.લિ. હાઈટેક મશીનરી, રાજેશ પાવર, આદિનાથ બલ્ક પ્રા.લી, લુબીઈન્ડસ્ટ્રીઝ, એચડીએફસી બેંક, યુરેનસઈલેક્ટ્રિકલ, સ્વિગી, ડેન્ગીડમ્સ, દેવકૃપા હોન્ડા, પ્યોર ઓક્ષીડાઈન પ્રા.લિ જેવી અનેક કંપનીઓના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. વિવિધ કંપનીઓમાં પ્રાથમિક પસંદગી થયેલા વિદ્યાર્થીઓને એકાઉન્ટન્ટ, ટેકનીશયન, સેલ્સ એક્ઝિક્યુટિવ, એચઆર એક્ઝિક્યુટિવ, એન્જિનિયર, માર્કેટિંગ મેનેજર, ઈલેક્ટ્રિશ્યન, ટેલિકોલર, રિલેશનશિપ મેનેજર જેવા સારા પદ પર ઉત્તીર્ણ થયા હતા. જેમાં ધો.૧૦પાસ, ૧૨પાસ, ગ્રેજ્યુએટ, આઈ.ટી.આઈ તેમજ ડિપ્લોમાં, ડીગ્રીઅને અન્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓની પસંદગી થઈ હતી. આ ભરતી મેળામાં ઓવરસીઝ સેલ દ્વારા વિદેશ જવા ઉત્સુક વિદ્યાર્થીઓ/યુવાનો માટે ઓવરસીઝ સેમીનારનું પણ આયોજન કરાયું હતું. આ ઉપરાંત સ્વરોજગાર કરવાઈચ્છતાયુવાનો માટે પ્રેરણાત્મકસ્વરોજગાર શિબિર પણ યોજવામાં આવી હતી. આ સાથે યુવાનોને રાજ્ય સરકારના વિવિધવિભાગો દ્વારાઅપાતી લોન/સહાય તેમજ યોજનાકીય માહિતી માટે સ્વરોજગાર પુસ્તિકાનું પણ નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ તેના વિશે યોગ્ય માહિતીઅને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે મદદનીશ નિયામક રોજગારની કચેરી અમદાવાદના આસિસ્ટન્ટ ડાયરેક્ટર શ્રી કેયૂર જેઠવાસહિતના અધિકારીઓ તેમજ યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

નડિયાદ ખાત જિલ્લા વિકાસ અધિકારીશ્રીની અધ્યક્ષતામાં જિલ્લા આઈસીડીએસ વિભાગ દ્વારા જિલ્લા કક્ષાની "શ્રી અન્ન" (મિલેટ્સ) વાનગી હરીફાઈ યોજાઈ

જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા મિલિયેટ્સ વાનગી હરીફાઈમાં વિજેતાઓને પ્રમાણપત્ર અને ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા

કમલમ્ ન્યુઝ,

જિલ્લા વિકાસઅધિકારી શ્રી શિવાની ગોયલ અગ્રવાલની અધ્યક્ષતામાં જિલ્લા પંચાયત, નડિયાદ ખાતે જિલ્લા આઈસીડીએસ મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા જિલ્લા કક્ષાની "શ્રી અન્ન" (મિલેટ્સ) વાનગીહરીફાઈ યોજાઈહતી. આ સ્પર્ધામાં ખેડા જિલ્લાના તમામ તાલુકામાંથી કુલ ૪૫ આંગણવાડી બહેનો દ્વારા મિલેટ્સના ઢોકળા, રાગી, શીંગ, ચણા અને તલના લાડુ તથા મિલેટ્સનો પાપડી ચાટ જેવી વિવિધ વાનગીઓનું નિદર્શન કરવામાંઆવ્યુંહતું. નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારીશ્રી અને જિલ્લાનાઉચ્ચ અધિકારીશ્રીઓએ આવાનગીહરીફાઈમાંપ્રસ્તુત કરેલ વિવિધ વાનગીઓનું મૂલ્યાંકન કર્યું હતું અને આ સ્પર્ધામાં વિજેતા આંગણવાડી બહેનોને પ્રમાણપત્ર અને ઈનામ આપીપ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી શ્રી શિવાની ગોયલ અગ્રવાલે મીલેટ્સ એટલે કે શ્રી અન્નને ભારતીય ખેતીની આગવી ઓળખ ગણાવતા મિલેટ્સ પાકના વિવિધ ફાયદાઓ વિશે વાત કરી હતી.

તેમણેકહ્યું કેમીલેટ્સપ્રકૃતિ અને સ્વાસ્થ્ય બન્ને માટે વિશેષ લાભદાયી છે. ઓછા પાણીએ તૈયાર થતા શ્રી અન્નના વિવિધ ધાન્યોજેમકે બાજરી, જુવાર, રાગી વગેરે પોષણયુક્તઅને સ્વાસ્થ્યપ્રદ હોવાથી ઉપસ્થિત તમામને શ્રી અન્નનોઉપયોગ કરવાઅપીલ કરી હતી. શ્રી ગોયેલે આપ્રસંગે મિલેટ્સ વાનગી સ્પર્ધામાં ભાગીદાર થવા બદલ જિલ્લાની તમામ આંગણવાડીબહેનોને અભિનંદન પાઠવ્યા હતા અને વિજેતા બહેનો ઝોનલ કક્ષાએ પણ ઉચ્ચપ્રદર્શન કરે એવી શુભેચ્છાઓ આપી હતી. આઈસીડીએસ પ્રોગ્રામ ઓફિસર શ્રી મનિષાબેન બારોટે મિલેટ્સ વાનગી સ્પર્ધા કાર્યક્રમની રૂપરેખા આપતા જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય મિલેટ્સ ઉજવણી ૨૦૨૩ અંતર્ગત ખેડા જિલ્લામાં તા. ૭ જુલાઈથી શરૂ થયેલ સેજા કક્ષાએ, ઘટક કક્ષાએ અને આજે જિલ્લા કક્ષાએમિલેટ્સમાંથી તૈયાર કરેલ વાનગીઓનું નિદર્શન અને સ્પર્ધા સંપન્ન થઈ છે. આ સ્પર્ધાનો મૂળઉદ્દેશ્ય છેવાડાનામાણસો સુધી આંગણવાડી બહેનોના માધ્યમથી શ્રી અન્નના સ્વાસ્થ્ય પર વિવિધ લાભનો સંદેશ આપવાનો છે. આ કાર્યક્રમમાં ઈનચાર્જ નાયબ જિલ્લા વિકાસઅધિકારી શ્રીદિપક રબારી, જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી શ્રી ડૉ. ધ્રુવે, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર મેનેજર શ્રી સાજેદા સબાસરા, જિલ્લા પંચાયતહિસાબી અધિકારી શ્રીરાજુ પ્રજાપતિ ઈનચાર્જ નાયબ પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી, નાયબ માહિતી નિયામકશ્રી, આઈસીડીએસના મદદનીશ પ્રાયોજન અધિકારીશ્રીઓ, સીડીપીશ્રીઓ, મુખ્ય સેવિકાઓ સહિત જિલ્લાના આંગણવાડી બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

સુરત જિલ્લાના કામરેજ તાલુકાનું ઉંભેળ ગામ બન્યું સ્માર્ટ વિલેજ

ઉંભેળ ગામમાં શિક્ષણ, આરોગ્ય, રોડ-રસ્તા, ભૂગર્ભ ગટર, બેંક, પોસ્ટ, લાઇટ, ૨૪ કલાક પીવાનું પાણી, પુસ્તકાલય અને સીસીટીવી કેમેરા જેવી સુવિધાઓ ઉપલબ્ધ

કમલમ્ ન્યુઝ,સુરત

ગામડાંનાદેશ તરીકે જાણીતા ભારતદેશમાંસમયની સંગાથે હવે ગામડા પણ આધુનિક બનતા જાય છે. જ્યાં પાકા સીસી રોડ, પાકા મકાનો, સીસીટીવી કેમેરા અને ઈન્ટરનેટ સેવા સાથે જોડાયેલી ગ્રામ પંચાયતોથી બનેલા સ્માર્ટ વિલેજ શહેરને પણ ટક્કર મારી રહ્યા છે. સુરત જિલ્લાના કામરેજ તાલુકામાં પણ આવું જ એક આધુનિક ગામ એટલે ઉંભેળગામ. ગામની અંદર પ્રવેશ કરતાં જ ગામનું આહલાદક વાતાવરણ સૌ કોઈને આકર્ષીજાય છે. ઉંભેળગામમાંસ્માર્ટ પ્રાથમિક શાળા, લાયબ્રેરી, સ્વચ્છ રોડ-રસ્તા, સીસીટીવી, બાગ-બગીચા, ૨૪ કલાક પીવાના પાણીની સુવિધા, પ્રાથમિક આરોગ્યકેન્દ્ર, બેંક, ભૂગર્ભ ગટર યોજના જેવી સુવિધાઓ ઉપલબ્ધ છે. ગ્રામ પંચાતની વેબસાઈટ પણ બનાવવામાં આવી છે, જેમાંગ્રામ પંચાયત અને લોકભાગીદારી દ્વારા કરવામાં કરેલા કાર્યોની વિગતો આપવામાં આવે છે અને સમાજને ઉપયોગીતમામપ્રકારની સુવિધા ગ્રામજનને મળી રહી છે. સરકારની તમામ યોજનાકીય સહાયનાફોર્મ પણ ઉપલબ્ધકરવામાં આવ્યા છે. ગામની સફ્લ્યાગાથા વર્ણવતાપૂર્વ સરપંચ અને હાલના ડેપ્યુટીસરપંચ દર્શનભાઈ પટેલ જણાવેછે કે, ઉંભેળ ગામમાં એક સમયે પાયાની સુવિધાઓનો પણ અભાવ હતો. જો કે, સરકારની સાથેમળીને અનેક સુવિધાઓ શરૂ કરવાં આવી છે. ગામડાંઓની સમૃદ્ધિ કેવીહોય તેનું ઉદાહરણ અમારું ઉભેળગામ છે. અહીંયા સંપૂર્ણ પણે શુદ્ધ આર.ઓ.વોટર આપવામાંઆવે છે. નજીવા દરે ગ્રામજનો આર. ઓ.પાણી મેળવી શકેછે. ગ્રામપંચાયતની કચેરીનું લોક ભાગીદારીથી નવિનીકરણ કરવામાં આવ્યુંછે, સાથેજ બાળકોનેઘરે જવાનું મન ન થાય તેવાં નંદઘર અને શાળા માટે અત્યાધુનિક ઓરડાઓ સાથેભવનનું નિર્માણ પણ કરવામાંઆવ્યુ છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રગતિશીલ ગામડાંઓની પરિકલ્પનાને અમે ચરિતાર્થ કરી રહ્યાછીએ. ઉંભેળ ગામનો આ વિકાસપહેલાં આવોનહોતો. ગામમાંઅનેક સુવિધાઓ છેલ્લાએક દોઢ દાયકામાં પ્રાપ્ત થઈ છે. આગામી સમયમાં પણ અમેસરકારની મદદથીઉંભેળગામને વધુસમૃદ્ધ અને વધુ સુવિધાયુક્ત બનાવવા કટીબદ્ધ છીએ. વધુમાં તેમણે જણાવ્યું કે, ગામના વિકાસમાંલોકોનો સંપૂર્ણ સહયોગ મળી રહ્યો છે. ગામ ખેતી, પશુપાલન અને નાના મોટા ઉદ્યોગ સાથે સંકળાયેલુ છે. ગામની એકતા અને સંપના કારણે અત્યાર સુધીસામુહિક નિર્ણય થકીગામમાંઅનેક પ્રકારની સુવિધાઓ ગ્રામજનોને ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ગામનું એક એક ઘર ગટર યોજનાથી જોડાયેલુંછે ગામમાં સફાઈની સપુર્ણપણે કાળજી લેવામાં આવે છે, અને દરેક ઘર ગટર યોજનાથીજોડાયેલાછે. ગ્રામ પંચાયતદ્વારા ઠરાવો કરીને ગામ પ્રદૂષણ મુક્ત રહે તેની કાળજી લેવામાં આવે છે. અહીંની પંચાયતદ્વારા ટ્રેક્ટર દ્વારા શેરીએ શેરીએ જઈને કચરોએકઠુ કરવાનુંકામ કરવામાંઆવેછે. એકઠો કરાયેલો કચરો ગામની બહાર બનાવવામાં આવેલ કુંડીમાં નાખીને તેનોનિકાલ કરવામાંઆવે છે.

ગામમાં પેવર બ્લોક, ગાર્ડન, આંગણવાડી, કુવા અને સ્ટ્રીટ લાઈટ જેવી પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી:

ગામમાંપેવર બ્લોક, ગાર્ડન, આંગણવાડી,કુવા અને સ્ટ્રીટ લાઈટ જેવી પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. જેનો યશ સ્થાનિક સંરપચ અને આગેવાનોનો પણછે. નાનકડું ગામમાં આજે સ્વચ્છતા સાથેપ્રદૂષણ મુક્ત છે. ગામના તમામ લોકો ગામને સ્વચ્છ રાખવા સ્વચ્છતાનું પાલન કરી રહ્યાં છે. ગામના વિકાસમાં કેન્દ્ર અને રાજ્ય સરકારે રસલીધો છે, જેને કારણે આજે આ નાનકડુ ગામ ભારતના નકશામાંસ્માર્ટ વિલેજ તરીકે સ્થાન પામ્યુ છે

ગામમાં દરરોજ ડોર ટુ ડોર ઘન કચરાનું કલેક્શન અને સાફ સફાઈ થાય છે ગામના લોકોની સુખાકારી માટે ગામમાં દરેક ઘરે સુકો કચરો અને ભીનો કચરો એમ બે પ્રકારની ડસ્ટબીનો આપવામાંઆવે છે.તેમજ જાહેર સ્થળે પણ આ બે પ્રકારની ડસ્ટબીન મુકવામાં આવી છે. તેમજ ડોર ટુ ડોરના કચરાના કલેકશન માટે વાહનોની અલગથી વ્યવસ્થા કરવામાંઆવી છે.તેમજ ગામમાંનિયમિત સાફ-સફાઈ કરવામાં આવે છે. આ ઉપરાંત પ્રવાહી કચરાના નિકાલ માટે ગામથી બહાર પાણી શુદ્ધિકરણપ્લાન્ટ બનાવ્યું છે. જેમાં પાણીશુદ્ધિકરણ કરીચોખ્ખું પાણીવહેતું છોડવામાં આવે છે. જેનાથી જળસ્તર વધારો થાય તેવા પ્રયત્નો હાથ ધરાયાછે.

ગામમાં નિર્માણ કરેલા ગાર્ડના તળાવને અમૃત સરોવરમાં સમાવી બ્યુટીફિકેશન કરાયુ:

ગામમાં શ્રી સત્ય ગૌચરહનુમાનજી મંદિરપાસે સુંદર ગાર્ડનનું નિર્માણ કરવામાંઆવ્યું છે.જેમાંબાળકોના રમત ગમતના સાધનો પણ મૂકવામાં આવેલા છે. ગાર્ડનમાં આવેલા તળાવને અમૃત સરોવરમાં સમાવી તળાવ બ્યુટીફિકેશનનું કામ હાથ ધરાયું છે. ગાર્ડનમાં સુરત, બારડોલી સહિતના દુરના વિસ્તારના લોકો પણ ફરવા માટે આવે છે.તેમજ ગામની મધ્યમાં કુંડાઓ મુકી ફૂલ છોડનું વાવેતર કરવામાં આવ્યું છે, જેનાથી ગામની સુંદરતામાં વધારો થયો છે.

ગામની ૨૦ એક ગૌચર જમીનમાં વૃક્ષો પ્લાન્ટેશન કરાયુ:

ગામમાં પર્યાવરણ સારૂં રહે તે માટે દર વર્ષે મોટા પાયાપર વૃક્ષારોપણ કરવામાં આવેછે. ગામની ૨૦ એકર ગૌચર જમીનમાં ખુબ જ મોટા પાયે પ્લાન્ટેશન કરવામાં આવ્યું છે. જેમાં ૧૦ એકર વન વિભાગ અને ૧૦ એકર PEPL (Palsana Enviro Protection Ltd) દ્વારા વૃક્ષોનું પ્લાન્ટેશન કરી જાળવણી કરવામાં આવી રહી છે. ગૌચરની જમીનમાં વૃક્ષો વાવી ગામની શોભાવૃદ્ધી વધારવાની સાથેગામમાં આવકનોએક સ્ત્રોત ઉભો કરવામાં આવ્યો છે, ગૌચરની જમીનમાં વૃક્ષો વાવાથી ગામના બેરોજગાર લોકોને રોજગારી ઉપલબ્ધ થઈ છે. વન વિભાગના સહયોગથી બિન ઉપજાવ જમીન હરિયાળી

બનાવવા તેમજ ગ્રામ પંચાયતને ફાયદો થાય તેવા પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે

ગ્રામજનોની સુખાકારી માટે ગામપંચાયત દ્વારા ત્રણ યોજના અમલી બનાવી:

ઉંભેળ ગામપંચાયત દ્વારા ગ્રામજનો માટે ત્રણ યોજનાઓ શરૂ કરવામાં આવીછે, જેમાં પહેલીયોજના છે, ''દીકરીમારી લક્ષ્મીનોઅવતાર'' આયોજનામાં અંતર્ગત ગામમાં જન્મેલ દરેક દીકરીનાં માતા-પિતાને ચાંદીનો સિક્કો, સન્માનપત્ર અને મીઠાઈનું બોક્ષ એમનાં ઘરે જઈ આપીને સન્માનિત કરવામાં આવે છે. આ યોજના બેટી બચાવોઅભિયાનને પ્રોત્સાહનઆપે છે.

બીજી યોજના ''હરિશ્ચંદ્ર તારામતી અંત્યેષ્ઠી સહાય'' કે જેમાં ગામમાંમરણ પામતાકોઈપણ ગ્રામજનની અંતિમક્રિયામાં સ્મશાનનો ખર્ચ અને જરૂરી સામાન આપવામાં આવે છે. જેથી જેના ઘરે અશુભ બનાવ બન્યો હોય તેને થોડો આધાર મળી રહે. ત્રીજી યોજના ''નિરાધારનો આધાર'' કે જેમાં ગામમાંધોરણ ૧ થી ૮માં અભ્યાસ કરતા અને જેમના માતા-પિતા હયાત ન હોય તેવા બાળકોને વાર્ષિક રૂ. ૩૦૦૦ ગ્રામ પંચાયત તરફથી અને રૂ.૨૦૦૦પુર્વ સરપંચદર્શનભાઈ પટેલ તરફથી એમ કુલ રૂ.૫૦૦૦ની સહાય આપવામાં આવે છે. આ સહાય બાળકને ભણતરમાં મદદરૂપ અને એમનું ભરણપોષણ કરતાં પાલકવાલીને સહાયરૂપબની છે.

ગામને પ્રાપ્ત થયેલા પુરસ્કાર

ઉંભેળ ગામને અત્યાર સુધી અનેકપ્રકારના એવોર્ડ મળેલા છે.જેમાં વર્ષ ૨૦૦૬માં સમરસ ગામ પંચાયત, વર્ષ ૨૦૧૯માં શ્રેષ્ઠ ગ્રામપંચાયત, કોવિડમાં શ્રેષ્ઠ કામગીરી અને સ્વર્ણિમ પુરસ્કાર સહિતના પુરસ્કારનોસમાવેશ થાય છે. તાજેતરમાં રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે ઉંભેળગામને સ્માર્ટ વિલેજ તરીકે જાહેર કર્યું હતું. ગ્રામજનોએમુખ્યમંત્રીશ્રી પ્રત્યેય આભાર ભાવવ્યક્ત કર્યો હતો.ગુજરાત અનેભારત સરકારની યોજનાઓના સુભગ સમન્વયનો લાભ લઈ ગ્રામજનોએ ઉંભેળ ગામને સ્માર્ટ વિલેજ તરીકે પ્રસ્થાપિતકર્યું હતું.

પોશીના તાલુકાના સોનગઢ ગામે "પ્રાકૃતિક કૃષિ"ની તાલીમ યોજાઈ

કમલમ્ ન્યુઝ,

સાબરકાંઠા જિલ્લાના આદીજાતી વિસ્તાર પોશીના તાલુકાના સોનગઢ ગામે "પ્રાકૃતિક કૃષિ"ની તાલીમ યોજાઈ હતી. જિલ્લામાંપ્રાકૃતિક કૃષિનોવ્યાપ વધે અને ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરતા થાય તે હેતુથી વિવિધ કલસ્ટરોમાં ખેડૂતોને તાલીમ અપાય છે. આત્મા-પ્રોજેક્ટ પોશીના, દ્વારા સોનગઢ ગામે કુદરતીસૌન્દર્ય અને વરસાદી વાતાવરણ વચ્ચે મોટી સંખ્યામા ઉપસ્થીત ખેડૂત ભાઈ-બહેનોને "પ્રાકૃતિક કૃષિ"ની ઘનિષ્ઠ તાલીમ એફ.એમ.ટી. અમૃતભાઈ તેમજ આત્માના એ.ટી.એમ નિધાનમભાઈ તેમજ રેખાબેન દ્વારા આપવામા આવી. આ તાલીમમાં બિજામૃત, જીવામૃત, ઘન-જીવામૃત, આચ્છાદન, મિશ્ર-પાક પધ્ધતી, વાપ્સા, નિમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર, અગ્નિઅસ્ત્ર, દશપર્ણી અર્ક વિગેરે બનાવવાની અને તેનો ઉપયોગ કરવાની પધ્ધતીઓનુ માર્ગદર્શન આપવામા આવ્યુ તેમજ પ્રેકટીકલ કરી બતાવવામાં આવ્યુ. આ તાલીમમા તાલુકાના બાગાયત અધિકારી મોહિત આચાર્ય તેમજ તાલુકા અમલીકરણ અધિકારી એ. આઈ. સુથાર ઉપસ્થીત રહ્યા, તેઓએ બાગાયત અને કૃષિ વિભાગની વિવિધ ખેડૂત-સહાયની યોજનાઓની માહિતી આપી. જિલ્લાના નાયબ ખેતી નિયામક (તાલીમ)-વ-પ્રોજેક્ટ ડાયરેકટ-આત્મા શ્રી વિ. કે. પટેલે ઉપસ્થીત રહી ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ ઉપરાંત ખેડૂત તામીમ કેન્દ્રની વિવિધ યોજનાઓ, ખેડૂત અકસ્માત વિમા યોજના, પીએમ કિસાન યોજના અને તે અતર્ગતીઅષ્ઠ ની કામગીરી, વિવિધ ખેતી પાકોની પધ્ધતી વિગેરે વિષે મર્ગદર્શન આપ્યુ હતું.

કામધેનુ યુનિવર્સિટી, રાજપુર દ્વારા જામળા મુકામે પશુ ચિકિત્સા કેમ્પ યોજાયો

કમલમ્ ન્યુઝ,

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર રાજપુર ખાતે આવેલ પશુ ચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, કામધેનુ યુનિવર્સિટીનાવેટરનરી ક્લિનિકલ વિભાગ દ્વારા દુધ સહકારી મંડળી, જામળાના સહયોગથી જામળા ગામે ગાયો-ભેંસો માટે એક પશુ ચિકિત્સા કેમ્પનુંઆયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પનો મુખ્ય હેતુ ગામના છેલ્લા એક-બે વર્ષથી ગાભણ નથતાં ગાયો અને ભેંસોમાં વંધ્યત્વને લગતી બિમારીઓનું નિદાન અને સારવાર થકી માદા પશુઓનેગાભણ કરવાનોહતો. આ કેમ્પની સાથે પશુપાલકોને પશુ પ્રજનન અને દૂધ દોહન વ્યવસ્થાપન બાબતે માર્ગદર્શન આપવાનું આયોજન કર્યું હતું. આ કેમ્પમાં ૨૦ગાય અને ૧૦ ભેંસોને સારવાર આપવામાંઆવીહતી. આ કેમ્પ દરમ્યાન પશુઓમાં વંધ્યત્વને લગતા વિવિધ રોગો જેવા કે ગર્ભાશયનો સોજો, ઉથલા મારવા, હાયડ્રોમેટ્રા, સીસ્ટ, યુટેરાઈન એડહેશન જેવા કેશ નોંધાયા હતા જેનીસારવાર પશુવંધત્વ નિષ્ણાત ડૉ. જી. આર. ચૌધરી અને પશુ શસ્ત્ર ક્રિયા નિષ્ણાત ડૉ. ટી. પી. પટેલ અને ટીમ દ્વારા કરવામા

આવીહતી. બીજીસારવાર કરવાની જરૂરિયાત ધ્યાને લઈ પશુ ચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, કામધેનુ યુનિવર્સિટીના આચાર્ય ડૉ. બી. પી. બ્રહ્મક્ષત્રીએ રિપીટ કેમ્પ કરવા માટે સહયોગ આપવા ખાતરી આપી હતી. આ કેમ્પમાં ૪૦ જેટલા પશુપાલક ભાઈ-બહેનોને પશુપાલન નિષ્ણાત ડૉ. એલ. એમ. સોરઠિયાએ પશુઓમાં જોવા મળતી આઉના સોજાની બીમારી કે જેના લીધે પશુઓના આંચળ ખરાબ થવાને લીધે તેવા પશુ તેમના માલિક માટે બોજો ન બની જાય તે માટે તેને અટકાવવા માટે દૂધદોહનની સાચીરીત અને પશુ રહેઠાણમાં સાફ-સફાઈ વ્યવસ્થાપનની સમાજ આપી હતી. પશુ પ્રજનન નિષ્ણાત એસ. બી. દેશપાન્ડેએ પશુપાલકોને પશુઓને ગરમીમાં લાવતાપરિબળોની સરળ સમજૂતીઆપવા સાથેયોગ્ય સમયે નિષ્ણાત પાસેજ કૃત્રિમ બીજદાન કરાવવાની સમજ આપી હતી. આ કેમ્પના સફળ આયોજન માટે જામળા દૂધ ઉત્પાદક સહકારી મંડળીના પ્રમુખશ્રી જેઠાભાઈ પટેલ અને મંત્રીશ્રી હરેશભાઈ પટેલ તેમજ પશુપાલક મિત્રોએ કામધેનુ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલ આ ભગીરથ કાર્યમાં સહયોગ આપ્યો હતો.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના તા.૨૭ જુલાઈનાં કાર્યક્રમનાં આયોજન સંદર્ભે ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજતા મુખ્યમંત્રીશ્રી

મંત્રીશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, પદાધિકારીઓ-અધિકારીઓને કાર્યક્રમનાં સુચારૂ આયોજન અંગે માર્ગદર્શન પૂરૂ પાડ્યું

કમલમ્ ન્યુઝ,રાજકોટ

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી આગામી તા. ૨૭ જુલાઈએ રાજકોટની મુલાકાત લેવાના છે. વડાપ્રધાનશ્રી તેમની આ મુલાકાત દરમ્યાન સૌરાષ્ટ્રવાસીઓને રાજકોટ નજીક નિર્માણ થયેલા અદ્યતન ગ્રીન ફિલ્ડ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ હિરાસરએરપોર્ટની ભેટ આપશે. મુખ્યમંત્રીશ્રીભૂપેન્દ્ર પટેલે આ કાર્યક્રમનાઆયોજન સંદર્ભમાં જિલ્લા વહીવટીતંત્ર અને એરપોર્ટ ઓથેરિટી તેમજ અન્ય વિભાગોની તૈયારીઓની સમીક્ષારાજકોટ ખાતે ઉચ્ચસ્તરીયબેઠક યોજીનેકરી હતી. મુખ્યમંત્રીશ્રીએ આ ઉપરાંત રાજકોટ ખાતે વિવિધ વિકાસ કામોના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે થનારાલોકાર્પણ અને અન્ય કાર્યક્રમો તેમજ જાહેર સભા અંગેના આયોજનની પણ આ સમીક્ષા બેઠકમાં ઝીણવટપૂર્વક વિગતો મેળવી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજકોટ અને સૌરાષ્ટ્રને છૈસ્જી અને આ ગ્રીન ફિલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટ એમ બે મોટીભેટ આપીછે. એટલુંજ નહિ આ ઈન્ટર નેશનલ એરપોર્ટને પરિણામે રાજકોટસમગ્રસૌરાષ્ટ્રના લોકો માટે વિશ્વ સાથે વેપાર-વાણિજ્યની નવી દિશા ખોલવાનું છે. આ બે ભેટ આપનાર વડાપ્રધાનશ્રીના સ્વાગત અને સત્કાર માટે સૌરાષ્ટ્રના લોકો ભારે ઉત્સુક છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ સાંસદશ્રીઓ, ધારાસભ્યો,પદાધિકારીઓ અને સંગઠન પાંખ સૌ સાથે મળી સમગ્ર કાર્યક્રમને ભવ્ય સફળતા અપાવે તેનું માર્ગદર્શન આપ્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલ શનિવારે રાજકોટનાએક દિવસીય પ્રવાસે આવ્યા હતા અને વિવિધ કાર્યક્રમોમાં સહભાગી થતા પહેલા તેમણે વડાપ્રધાનશ્રીના તારીખ ૨૭ જુલાઈના કાર્યક્રમોનાં આયોજનની આખરી તૈયારીઓની સમીક્ષા આ બેઠકમાં કરી હતી. તેમણે કાર્યક્રમ સ્થળોની સુરક્ષા સલામતિ, બેઠક વ્યવસ્થા, ટ્રાફિક નિયમન અને જો વરસાદની સ્થિતિ ઉભી થાય તો તે સામેના સલામતી સાવચેતીના ઉપાયોની પણ સર્વગ્રાહી સમીક્ષા હાથ ધરી હતી.

આ બેઠકમાં મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ, કુંવરજીભાઈ બાવળિયા, ભાનુબહેન બાબરીયા તેમજ સાંસદશ્રીઓ જિલ્લા કલેકટર શ્રી, મ્યુનિસિપલ કમિશનરશ્રી તેમજ પોલીસ કમિશનર શ્રી અને એરપોર્ટ ઓથોરિટી સહિત સંબંધિત વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ જોડાયા હતા અને પોતાના વિભાગોની કામગીરીની માહિતી આપી હતી.

મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે રૂ. ૫૦ લાખના ખર્ચે તૈયાર થયેલા રાજકોટની ઝવેરચંદ મેઘાણી પ્રાથમિક શાળા ખાતેના સ્મૃતિસ્થળનું કરાયું લોકાર્પણ

કમલમ્ ન્યુઝ,રાજકોટ

રાજકોટ શહેરના સદર વિસ્તારમાં સ્થિત ૧૫૫ વર્ષ જૂની ઐતિહાસિક રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી પ્રાથમિક શાળા નંબર ૮ ખાતે રૂપિયા ૫૦ લાખના ખર્ચે તૈયાર થયેલા સ્મૃતિસ્થળનું આજરોજ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલના વરદ હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ તકે મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલે ઝવેરચંદ મેઘાણીની પ્રતિમાને સુતરની આંટી અને ફૂલહાર પહેરાવીને સ્મૃતિ સ્થળનું લોકાર્પણ કરીને ગૌરવવંતા રાષ્ટ્રીય શાયર ઝવેચંદ મેઘાણીની યાદમાં બનેલા મેઘાણીગાથા પ્રદર્શન, મેઘાણી સાહિત્ય કોર્નર અને પુસ્તકાલય નિહાળ્યું હતું. વધુમાં મુખ્યમંત્રીશ્રીએ સ્વાતંત્ર્ય સેનાની હિંમતભાઈ ગોડાનું પુસ્તક અને શાલ પહેરાવીને સન્માન કર્યું હતું તેમજ આ તકે શાળા પરિસરમાં વૃક્ષારોપણ કરીને પર્યાવરણના જતનનો સંદેશો આપ્યો હતો. આ વેળાએ ઝવેરચંદ મેઘાણી પ્રાથમિક શાળામાં ધોરણ - ૧૦માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની ખૂંટ આર્ચીએ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલનું આબેહૂબ પોર્ટ્રેટ ચિત્રબનાવીને ભેટ કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ પોર્ટ્રેટ ચિત્રની ભેટ સહર્ષ સ્વીકારીને વિદ્યાર્થીનીને તેમની ઉમદા ચિત્રકારી માટે બિરદાવી હતી. નોંધનીય છે કે, ગુજરાત સરકારના પ્રવાસન વિભાગના ટુરિઝમ કોર્પોરેશન ઓફ ગુજરાત લીમીટેડના સહયોગથી અંદાજે રૂ. ૫૦ લાખના ખર્ચે શાળાનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે. તેમજ રાજકોટ શહેર પોલીસના સહયોગથી અંદાજે રૂ. ૦૫ લાખના ખર્ચે મેઘાણી ગાથા પ્રદર્શન અને ઝવેરચંદ મેઘાણીસ્મૃતિ સંસ્થાનના સહયોગથી અંદાજે રૂ. ૦૨ લાખના ખર્ચે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી પુસ્તકાલય તથા મેઘાણી સાહિત્ય કોર્નર તૈયાર કરવામાં આવ્યા છે. આ પ્રસંગે કેબિનેટ મંત્રી સર્વ શ્રી કુંવરજીભાઈ, શ્રી રાઘવજીભાઈ પટેલ, શ્રી ભાનુબેન બાબરીયા, સાંસદશ્રીઓ રામભાઈ મોકરીયા અને મોહનભાઈ કુંડારીયા, મેયર શ્રી પ્રદિપ ડવ, ધારાસભ્યશ્રીઓ દર્શિતાબેન શાહ, શ્રી રમેશભાઈ ટીલાળા, જિલ્લા કલેકટરશ્રી પ્રભવ જોશી, મ્યુનિસિપલ કમિશનરશ્રી આનંદ પટેલ, ઝવેરચંદ સ્મૃતિ સંસ્થાના સ્થાપકશ્રી પિનાકી મેઘાણી, કડવીભાઈ શાળાના નિયામકશ્રી હીરાબેન માંજરીયા, મહાત્માગાંધી મ્યુઝિયમના મેનેજર શ્રી કૃષ્ણકાંતભાઈ દેસાઈ, સાહિત્યકાર - લોકગાયકો સર્વશ્રી અભેસિંહ રાઠોડ, ધીરુભાઈ સરવૈયા, શ્રી નિલેશ પંડ્યા, શ્રી લલિતાબેન ઘોડાદ્રા, શ્રી રાધાબેન વ્યાસ, શ્રી પંકજભાઈ ભટ્ટ, પ્રાથમિક શાળાના આચાર્યશ્રી પૂર્વીબેન ગાંધી સહિતના શિક્ષકો, કર્મચારીશ્રીઓ અને અગ્રણીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

એક ભારત, શ્રેષ્ઠ ભારત માટે આપણે જવાબદાર નાગરિક તરીકે કામ કરવાનું છે : રેલવે રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશ

સુરત સહિત દેશભરમાં ૪૪ સ્થળે સાતમા રોજગાર મેળાનું આયોજન

કમલમ્ ન્યુઝ,

દેશનાં યુવાનોને રોજગાર આપવા માટેના પ્રધાનમંત્રીનાં સંકલ્પને સાકાર કરવા માટે ૨૦૨૨થી રોજગાર મેળાનું આયોજન કરવામાં આવેછે. ત્યારે આજે દેશભરમાં ૪૪ સ્થળે રોજગાર મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સુરત ખાતે કેન્દ્રીય રેલવે અને કાપડ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશ ઉપસ્થિત રહ્યા હતા અને કુલ ૭૭ યુવાઓને નિયુક્તિ પત્ર પ્રદાન કર્યા હતા. સુરતનાં સરસાણા ઈન્ટરનેશનલ એક્ઝીબિશન કન્વેનશન સેંટર ખાતે આયકર વિભાગદ્વારા આમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત કેન્દ્રીય રેલવેઅને કાપડરાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશે પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે, આજે સાતમા રોજગાર મેળામાં નિયુક્તિ પત્ર મેળવનારા યુવાઓએ દેશભરમાં કામ કરીનવું શીખવાનું છે. આપણે "એક ભારત, શ્રેષ્ઠ ભારત" માટે જવાબદાર નાગરિક તરીકે આપણું શ્રેષ્ઠ પ્રદાન કરવાનુ છે. કર્મયોગી બનીને જ આપણે લક્ષ્ય પ્રાપ્ત કરી શકીશું. આજનાંઆ રોજગાર મેળાનાં માધ્યમથી દેશભરમાં ૭૦ હજાર નિયુક્તિ પત્ર પ્રદાન કરવામાં આવશે. નવી નિયુક્તિ પામતા યુવાન, યુવતીઓના પરિવારજનોને વચેટિયાવગર મળતાઆનિયુક્તિ પત્રથી નવાઈ લાગતી હોવાનુ પણ તેમણે જણાવ્યું હતું. સુરતમાં આયોજિત આ રોજગાર મેળામાં ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રી પ્રફુલભાઈપાનસુરીયા, ધારાસભ્ય પ્રવીણભાઈ ઘોઘારી, ધારાસભ્ય મોહનભાઈ ધોળિયા, મુખ્ય આયકર આયુક્તએન.આર. સોની સહિત વિવિધ વિભાગોના પ્રમુખ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અહીં નિમણૂંક પત્ર એનાયત કરવામાં આવ્યા એ યુવાનો અને યુવતીઓની આયકર વિભાગમાં ૦૮, પોસ્ટ વિભાગમાં ૧૧, એફસીઆઈમાં ૦૫, જીફ્ઢમાં ૦૬, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયામાં ૦૧ અને એલ આઈ સીમાં ૪૬ વિવિધ જગ્યાઓ પર પસંદગી કરવામાં આવી છે.

કમલમ્ ન્યુઝ,નરેન્દ્ર પટેલ

ભરૂચ-શનિવાર-બરોડાસ્વરોજગાર વિકાસસંસ્થા (આર-સેટી) દ્વારા કૌશલ્ય વિકાસ માટે સબજેલના કેદી લાભાર્થીઓ માટે તાલીમનું આયોજન કરાયું. જેલર શ્રી એનઆર રાઠોડના સહાનુભૂતિથી, બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાના (આર-સેટી) દ્વારા કૌશલ્ય વિકાસ અને ભવિષ્યમાં કેદી (કેદી) લાભાર્થીઓનેઆવક વધારવામાટે સબજેલ ભરૂચ ખાતેકવર, પરબિડીયુંઅને ફાઈલબનાવવાની તાલીમનું ઉદ્દઘાટન કરવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમમાંશ્રી એનઆર રાઠોડજેલર સબજેલ ભરૂચ, શ્રી જીજ્ઞેશપરમાર એલડીએમભરૂચ, શ્રીપરેશ વસાવાડાયરેક્ટર આર-સેટી, શ્રીમતી શિલ્પાબેન, શ્રી હેતલભાઈ, શ્રી આશિષભાઈ, શ્રીમતી નીતાબેન ફેકલ્ટીઆર-સેટી અને લાભાર્થી કેદીએ ભાગલીધો હતો.

ભાભા એટેમિક રિસર્ચ સેન્ટરના વૈજ્ઞાનિકોએ પાદરા તાલુકાની મુલાકાત લીધી

પાદરા તાલુકામાં ભૂગર્ભ જળની સ્થિતિનો ક્યાસ કાઢવા કેન્દ્રીય સંસ્થાઓની મદદ લેતા કલેક્ટર શ્રી અતુલ ગોર

કમલમ્ ન્યુઝ,વડોદરા,

પાદરાતાલુકા અનેતેને અડીનેઆવેલા જંબુસરમાં ભૂગર્ભ જળની સ્થિતિનો ક્યાસ કાઢવામાટે ભાભા એટેમિક રિસર્ચસેન્ટર અને કેન્દ્રીય ભૂગર્ભ જળસંશોધન સંસ્થાના વૈજ્ઞાનિકોએ કલેક્ટર શ્રી અતુલ ગોર તથા જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી મમતાહિરપરા સાથે બેઠક કરી હતી. આ ટીમે પાદરા તાલુકાના કેટલાક ગામોની રૂબરૂ મુલાકાત પણ કરી હતી. ઔદ્યોગિકરણના કારણે પાદરા તાલુકામાં ભૂગર્ભમાં થયેલી અસરોનું તારણ કાઢી લાંબા ગાળાના પગલાં સૂચવવા માટે કલેક્ટર શ્રી અતુલ ગોર દ્વારા ભાભા એટેમિક રિસર્ચસેન્ટરને તેમની ટેક્નિકલ મદદ માટે વિનંતી કરી હતી. આ કાર્યમાં વડોદરાના જપ્રખ્યાત વૈજ્ઞાનિક શ્રી કે. એન. વ્યાસની પણ મદદ મળી છે. જિલ્લા વહીવટી તંત્રના આ પ્રયાસોના કારણે ભાભા એટેમિક રિસર્ચસેન્ટરના વરિષ્ઠ વૈજ્ઞાનિક ડો. સૌમિત્ર કાર ઉપરાંત કેન્દ્રીય ભૂગર્ભજળ સંશોધન સંસ્થાનના તજજ્ઞોએ પાદરા અને જંબુસર તાલુકાના કેટલાક ગામોની મુલાકાત કરી હતી. બાદમાં જિલ્લા વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક કરીએક વિસ્તૃત પ્રેઝેન્ટેશન આપ્યું હતું. આ બેઠકમાં ટૂંકાગાળા અને લાંબાગાળાની પ્રયત્નો ઉપર ચર્ચા કરવામાં આવીહતી. આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર ડો. બી એસ. પ્રજાપતિ, જીપીસીબીના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

બેંક ઓફ બરોડા દ્વારા પ્રાયોજિત તથા ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થા (RSETI)ના સહયોગથી તાલીમાર્થી બહેનોએ વિના મુલ્યે બ્યુટી પાર્લર મેનેજમેન્ટની ૩૦ દિવસની તાલીમ સરળતાપુર્વક પુર્ણ કરી

બેંક ઓફ બરોડાનો ૧૧૬મા સ્થાપના દિવસના અવશરે ૨૬ જેટલી તાલીમાર્થી બહેનોને જિલ્લા વિકાસ અધિકારીશ્રી વી.એન. શાહના હસ્તે સર્ટીફિકેટ એનાયત કરાયા

૨૬ જેટલી બહેનોએ RSETI સંસ્થા ખાતે સંપૂર્ણ પણે વિનામુલ્યે રહેવા અને જમવાની સુવિધા સાથે ૩૦ દિવસની તાલીમ લાભ લીધો

કમલમ્ ન્યુઝ,

તાપી જિલ્લાના બેંક ઓફ બરોડા દ્વારા સંચાલિત RSETI ઈન્દુ ગામ ખાતે બહેનો માટે બ્યુટી પાર્લર મેનેજમેન્ટ તાલીમ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. આ તાલીમ કાર્યક્રમનો ૩૦ દિવસનો સમય ગાળો પુર્ણ થતા તથા બેંક ઓફ બરોડાનો ૧૧૬માં સ્થાપના દિવસના દિને ઉવણીના અવસરે જિલ્લા વિકાસ અધિકારી શ્રી વી.એન.શાહના હસ્તે તથા તાપી જિલ્લા લીડ ડિસ્ટ્રીક મેનેજર શ્રી રસિકભાઈ જેઠવા ના હસ્તે તાલીમાર્થી બહેનોને સર્ટીફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા. અધ્યક્ષસ્થાનેથી જિલ્લા વિકાસ અધિકારી શ્રી વી.એન.શાહ આ સાથે RSETI સંસ્થાની કામગીરી અંગે સરાહના કરતા જણાવ્યું હતું કે RSETI સંસ્થાદ્વારા બહેનોને પગભર કરવા માટે વિવિધ ૬૪ જેટલી તાલીમો આપવામાંઆવે છે જેનાથી તાપીજિલ્લામાં મહિલાઓ આર્થીક રીતે પગભર થઈ રહી પોતાના પરિવાર અને સમાજને આગળ લવવામા મદદરુપ બની શકે. વધુમાં તેમણે બહેનોને જણાવ્યુંહતુ કે આપણેએક બીજાને મદદ કરીશું તો જ સમાજ ઉપર આવશે એમ કહી તમામ બહેનોને પોતાના પગ ઉપર મક્કમતા સાથે ઉભા રહી આગળ વધવા માટે શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે પ્રાસંગિક ઉદ્બોધન આપતા જિલ્લા લીડ ડિસ્ટ્રીક મેનેજર શ્રી રસિકભાઈ જેઠવાએ RSETI સંસ્થાની કામગીરી વિશે અને આ સંસ્થાની શરુઆર અંગે માહીતી પુરી પડીહતી. તાલીમાર્થી બહેનોને સફળતા પૂર્વક તાલીમ પૂર્ણ કરવા અને સ્વરોજગારી મેળવવા બદલ અભિનંદન પાઠવ્યા હતા તાલીમર્થી બહેનો દ્વારા પોતાના પ્રતિભાવો રજૂ કરવામાં આવ્યા હતા, બહેનોએ જણવ્યું હતુ કે RSETI એખુબ જ સારી સંસ્થા છે આ સંસ્થા અમારી પડખે આવીને રોજગારી મેળવવામાં અને અમનેપગભર બનાવવામાં ખુબ જ મદદરુપછે.

વડનગર ખાતે જિલ્લા વહિવટી તંત્ર દ્વારા આયોજીત છઠ્ઠો રકતદાન કેમ્પ યોજાયો

કમલમ્ ન્યુઝ,મહેસાણા,

જિલ્લા વહીવટી તંત્ર મહેસાણા દ્વારા જી.એમ.ઈ.આર.એસ મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ વડનગરના સહયોગથી હોસ્પિટલ ખાતે છઠ્ઠો બ્લડ ડોનેશન કેમ્પ યોજાયોહતો. જિલ્લાકલેક્ટર શ્રી એમ .નાગરાજન અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડો. ઓમ પ્રકાશ તેમજ અગ્રણી શ્રી સોમાભાઈ મોદીએ બ્લડ ડોનેશન કેમ્પમાં પ્રેરક હાજરી પુરાવી અને રકતદાતાઓનું બહુમાન કર્યું હતું તેમ જ તેમને બિરદાવ્યા હતા. કલેક્ટર શ્રી એ ઉપસ્થિત મહાનુભાવો અનેઅધિકારીશ્રીઓ સાથેમેડિકલ હોસ્પિટલના નવજાત શિશુ સઘન સારવાર કેન્દ્ર, પીડીયાટ્રીક અને નીઓનેટલ આઈ .સી.યુ ની મુલાકાત લઈને નવજાત શિશુઓ અંગે ઉપસ્થિત ડોકટર પ્રજ્ઞા ખન્ના તેમજ અન્ય કર્મી બહુ પાસેથી વિગતે માહિતી મેળવી જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ તકે ઉપસ્થિત ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામના હિમો ડાયાલિસિસ વિભાગની પણ મુલાકાત લીધી હતી. આ તકે તેમણે મળતી ડાયાલીસીસ સારવાર તેમજ વ્યવસ્થા બાબતે દર્દીઓને તેમજ દર્દીઓની તેમના આરોગ્ય સંદર્ભે સંબંધીત અધિકારીઓ પાસે વિગતે માહિતી મેળવી હતી. કલેક્ટરશ્રી એમ નાગરાજન તેમજ જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડો.ઓમપ્રકાશે બ્લડ ડોનેશન કેમ્પની મુલાકાત માં રક્તદાતાઓને બિરદાવતા આ અમૂલ્ય મહાદાન રકતદાન માં આપેલા યોગદાન માટે સૌનો આભાર પણ માન્યો હતો. ઉલ્લેખનીય છેકે જિલ્લા કલેકટરશ્રી એમ.નાગરાજનના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં બાળ મરણ અને માતા મરણમાં ઘટાડો થાય તે માટે વડનગરની આજુબાજુના અંતરિયાળ વિસ્તારમાં રકતની અછત નિવારણના ઉદ્દેશ સાથે રકતદાન કેમ્પનીઅનોખીપહેલશરૂ કરવામાં આવી છે. જી.એમ.ઈ.આર.એસ મેડીકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ વડનગરના સહયોગથી દર મહિનાના ત્રીજા શુક્રવારે રક્તદાન કેમ્પનુંઆયોજન કરવામાં આવે છે. જે અંતર્ગત આજ રોજ છઠ્ઠા રકતદાનકેમ્પનું આયોજન કરાયું હતું. અત્રે ઉલ્લેખનીછેકે જિલ્લા કલેકટરની પ્રેરણાથી વડનગર ખાતે ૧૭ ફેબ્રુઆરી, ૧૭ માર્ચ અને ૨૧ એપ્રિલ અને ૧૯ મે અને ૧૬ જુનના રોજ રકતદાનકેમ્પ યોજાયા હતાં. ૧૭ ફેબ્રુઆરીના રોજ જિલ્લા કલેકટર એમ.નાગરાજને રક્તદાન કરી રકતદાતાઓ માટે પ્રેરણાસ્ત્રોત બન્યા હતા. જિલ્લા વહીવટીતંત્ર મહેસાણા અને જી.એમ.ઈ.આર.એસ મેડીકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ વડનગર દ્વારા વડનગર ખાતે રકતદાન કેમ્પનુંઆયોજન કરવામાં આવ્યું હતું. રકતદાન કરવાથી અનેક નાગરિકોનાજીવન બચાવની સાથે વડનગર સહિત આજુબાજુના અંતરીયાળ વિસ્તારમાં રકતની અછત દુર કરવા તંત્રએ અનોખી પહેલ કરીછે. તેમણે જણાવ્યું હતું કે માતા-મરણ અને બાળ મરણનુ મુખ્ય કારણ રકતની અછત હોય છે ત્યાં અંતરીયાળ વિસ્તારમાં સહેલાઈથી રકત મળી જાય તો માતા મરણ અને બાળ મરણમાં ઘટાડો થશે. વહીવટીતંત્ર દ્વારા વિવિધ સામાજિક સંસ્થાઓના સહયોગથી દર મહિનાના ત્રીજા શુક્રવારે વડનગર ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવે છે. રક્તદાન એટલે મહાદાન-જીવનદાનના આ મંત્ર સાથે અંતરિયાળ વિસ્તારમાં રકતની અછત ન સર્જાય તેમજ માતામરણ અને બાળમરણનું પ્રમાણ ઘટે તેવા શુભ આશયથી વડનગરમાં હોસ્પિટલ આયોજીત રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવી રહ્યું છે. વહીવટી અને આરોગ્ય તંત્રનાસતત ચાલતા અવિરત પ્રયાસો અને લોકજાગૃતિને પગલે ૫૦ જેટલી બોટલ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું. જિલ્લા કલેકટર એમ નાગરાજને આ પ્રસંગે વધુ માં જણાવ્યું હતું કે, જી.એમ.ઈ.આર.એસ મેડીકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ વડનગરના સહયોગથી દર મહિનાના ત્રીજા શુક્રવારે રકતદાન કેમ્પનું આયોજન વડનગર ખાતે કરવામાં આવેછે જે અંતર્ગત આજ રોજ રકતદાન કેમ્પનું આયોજન કરાયું હતું.

સામાજિક અગ્રણી સોમાભાઈ મોદીએ રક્તદાન કેમ્પની કામગીરી નેબિરદાવી માનવતાનું ઉત્તમ કાર્ય થઈ રહ્યું હોવાનું જણાવ્યું હતું. વડનગર સિવિલ હોસ્પિટલ ના પેથોલોજીસ્ટ ડૉ.મિત્તલ ગામીએ જણાવ્યું હતું કે ખાસ કરી મહિલા ઓ ની પ્રસૂતિ સમયે તથા સર્જરી સમયે ખાસ લોહી ની જરૂર પડે છે પહેલા અહી એમને ખુબ મુશ્કેલી નડતી હતી પરંતુ બ્લડ ડોનેશન કેમ્પ શરૂ કરવાથી અહીઅમારી પાસે ૧૦૦ જેટલી બોટલનો સ્ટોક રહેશે જેથી હવે બ્લડ ની ઘટ પડતી નથી અને દર્દીઓની જિંદગી બચાવી શકાય છે. આકેમ્પમાં અગ્રણી સામાજિક કાર્યકર શ્રી સોમાભાઈ મોદી ,રાજુભાઈ મોદી, બેંક ઓફ બરોડાના મેનેજર શ્રી,જિલ્લા વિકાસ અધિકારી ડોઓમ પ્રકાશ, પ્રાંત અધિકારી શ્રી દક્ષેશભાઈ મકવાણા,તાલુકા આરોગ્ય અધિકારીશ્રી ચંદ્રકાંત કડિયા , મામલતદાર શ્રી રોહિત અગારા, શ્રી ડામોર., સુપરવાઈઝર શ્રી મોહસીનભાઈ,રકતદાતાઓ , હોસ્પિટલના તબીબો તેમજ આરોગ્ય કર્મીઓ સાથેવડનગર શહેરના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાહતા.

બનાસકાંઠા જિલ્લા આરોગ્ય વિભાગ અને અર્બન હેલ્થ સેન્ટરના ઉપક્રમે પોલિટેકનિક કોલેજ પાલનપુર ખાતે તમાકુ નિયંત્રણ કાર્યક્રમ યોજાયો

વ્યસનથી થતા નુકસાન અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યાઃ વિદ્યાર્થીઓએ વ્યસન મુક્તિના શપથ લીધા

કમલમ્ ન્યુઝ,

બનાસકાંઠાજિલ્લા આરોગ્ય વિભાગઅને અર્બનહેલ્થ સેન્ટરના ઉપક્રમે પાલનપુર પોલીટેકનિક કોલેજ ખાતે તમાકુ નિયંત્રણ કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં વ્યસનથી થતા નુકસાન અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યાહતા. તેમજ તેમના પરિવાર અને સગા સંબંધીઓને વ્યસનની ભયાનકતા અંગે જાગૃત કરી સમાજ અને દેશને વ્યસન મુક્ત બનાવવાના વિદ્યાર્થીઓને શપથ લેવડાવવામાં આવ્યા હતા. અત્યારના સમયમાં વિદ્યાર્થીઓ અને યુવાનોમાં બીડી, સિગારેટ, ગુટખા, દારૂ અને ડ્રગ સહિતના વ્યસનનું પ્રમાણ વધી ગયુ છે. વ્યસનથી માત્ર વ્યક્તિ જ નહીં પરંતુ આખો પરિવાર આર્થિક, સામાજિક, માનસિકઅને શારીરિક રીતે બરબાદ બને છે. યુવાનીમાં વિદ્યાર્થીઓ વ્યસનના બદલે કારકિર્દી ઘડતર અને તેમના ઉજ્જવળ ભવિષ્યના સપના સાકાર કરવામાં પોતાનો અમૂલ્ય સમય વિતાવે એ આજના સમયની માંગ છે.જે અંતર્ગતઆરોગ્ય વિભાગના અધિકારીઓએ વિદ્યાર્થીઓને વ્યસનથી થતા નુકસાન અંગે સમજણ આપી તેમને જાગૃત કર્યા હતા.તેમજ વ્યસન મુક્ત બનવાનો અનુરોધ કરી વ્યસન મુક્તિના શપથ લેવડાવ્યા હતા. આ કાર્યક્રમમાં જિલ્લા એપેડેમીક મેડીકલ ઓફિસરશ્રી ડૉ. જીગ્નેશ હરીયાણી, જિલ્લા કાઉન્સેલરશ્રી નોંધેલીયા, અર્બન હેલ્થ ઓફિસરશ્રી ડૉ.દિવ્યાબેન પરમાર, અર્બન હેલ્થ સુપરવાઈઝરશ્રી દિનેશભાઈ શ્રીમાળી, આરોગ્ય કાર્યકર રાજુભાઈ કરણ, આરોગ્ય વિભાગનો સ્ટાફ, પોલીટેકનિક કોલેજના પ્રિન્સિપાલ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

દિવ્યાંગ બાળકોને સ્નેહ અને હૂંફ મળે એવું વાતાવરણ સર્જીએ: મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ

કમલમ્ ન્યુઝ,રાજકોટ

રાજકોટમાં શ્રી અરવિંદ મણિયાર જન કલ્યાણ ટ્રસ્ટના ઉપક્રમે દિવ્યાંગ બાળકોનો ટેલેન્ટ શો સ્નેહ સ્પર્શ યોજાયોહતો. જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ મુખ્ય મહેમાનતરીકે ઉપસ્થિત રહ્યાહતા. આ કાર્યક્રમમાં દિવ્યાંગ બાળકો માટે કામકરતી ૧૦થીવધુ સંસ્થાના વિવિધ કક્ષાના દિવ્યાંગ બાળકોએ રજૂ કરેલીપ્રભાવશાળી કૃતિઓએ ઉપસ્થિત સૌના મન મોહી લીધા હતા. ખાસ કરીને ડૉ. પી.વી. દોશીની પ્રિય રચના કાન અવાજ ઝંખે છે ને વિરાણી મૂક બધિર શાળાના બાળકોએ રજૂ કરી, ત્યારે લોકો રોમાંચિત થઈ ઉઠ્યા હતા. જે સંગીતના તાલે બાળકીઓ લયબદ્ધ કૃતિઓ રજૂ કરતીહતી, એ સંગીતને બાળકીઓ પોતે જ સાંભળી શકતીનહોતી. ઓડિયન્સ વચ્ચેઊભા રહીને મહિલાશિક્ષકના ઈશારે બાળકીઓએ નૃત્યના વિવિધ સ્ટેપ્સ રજૂ કર્યા હતા, તો પ્રજ્ઞાચક્ષુ બાળકીઓએ અડકો દડકો કૃતિ રજૂ કરી હતી, આ સમયે બાળકીઓ સાથી બાળકીઓના સ્ટેપ્સ જોઈ નહોતી શકતી, આમ છતાં સુંદર સંકલનથી સરસ કૃતિ રજૂ કરતા લોકો આનંદ સાથે આશ્ચર્યચકિત થઈ ગયા હતા. આ કાર્યક્રમમાં મોટીસંખ્યામાં લોકોજોડાયા હતા. આતકે મુખ્યમંત્રીશ્રીભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતુંકે, વિવિધ દિવ્યાંગતા છતાં બાળકોએ સુંદર કૃતિઓ રજૂ કરી છે.

એ જોઈને આપણે કોઈ પણ સંજોગોમાં આગળ વધતા શીખવાનું છે.દિવ્યાંગબાળકોનોઉછેર યોગ્ય, પ્રોત્સાહક, પ્રેમ અને હૂંફભર્યા વાતાવરણમાં થાય તેવો માહોલ સર્જાવા પર તેમણે ભાર મુકતાં જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ કોઈ પણ સંજોગોમાં આગળ વધતા શીખવ્યું છે. ગુજરાત સરકારે પણ દિવ્યાંગો માટે અનેકયોજનાઓ શરૂ કરીછે, તેમજ પ્રોત્સાહન આપવા અને તેઓનાવિકાસ માટે શિબિરો કરતા હોવાનું પણ ઉમેર્યુ હતું. આ તકે રાજકોટના ધારાસભ્ય સુશ્રી દર્શિતાબહેન શાહે જણાવ્યુંહતુ કે, સંઘના ગુજરાત પ્રાંતના પૂર્વ સંઘચાલક તથા દેશના જાણીતા દાંતના ડો. શ્રી પી.વી. દોશીને દિવ્યાંગ બાળકો માટે ખૂબ પ્રેમ હતો. સમાજના દિવ્યાંગ બાળકોને સ્નેહ, પ્રેમ અને પ્રોત્સાહન મળે તે હેતુથી તેમણે મૂક બધિર શાળાની શરૂઆત કરી હતી. રાજકોટને રૂપિયા ૧૦૩ કરોડની સહાય આપવા બદલ ધારાસભ્ય ડૉ. શાહે મુખ્યમંત્રીશ્રીનો આભાર પણ વ્યક્ત કર્યો હતો. તેમણે ગુજરાતમાં જન્મતા મુકબધિર બાળકોના કોકલિયર ઈમ્પ્લાન્ટ તેમજ ૧૦૦થી વધુસ્પીચ થેરાપી નિઃશુલ્ક ઉપલબ્ધ કરાવવા તેમજ કોકલિયર ઈમ્પ્લાન્ટના મેઈન્ટેનન્સને પણ આયુષ્માન યોજનામાં સમાવવા બદલ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલનો આભાર પ્રકટ કર્યો હતો. સંસ્થાના ડૉ. વલ્લભભાઈ કથીરીયાએ શાબ્દિક પ્રવચનઅને આભારવિધિ કલ્પક મણિયારે કરી હતી. આ કાર્યક્રમમાં પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈબાવળિયા, સામાજિક ન્યાય અધિકારીતા મંત્રી સુશ્રી ભાનુબહેન બાબરીયા, સાંસદશ્રી મોહનભાઈ કુંડારિયા અને રામભાઈ મોકરિયા,ધારાસભ્ય શ્રી રમેશભાઈ ટિલાળા, મેયર ડૉ. પ્રદીપ ડવ, ડેપ્યુટી મેયરશ્રી કંચનબહેન, અગ્રણીશ્રી ભરત બોઘરા, શ્રી મુકેશ દોશી, જિલ્લા કલેકટરશ્રી પ્રભવ જોશી, પોલીસ કમિશનર શ્રી રાજુ ભાર્ગવ, જૈન મુનિશ્રી જે.પી. ગુરુદેવ, સામાજિક સંસ્થાનાશ્રેષ્ઠીશ્રી અજય શેઠ, વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે રૂ. ૩.૫૨ કરોડના ખર્ચે બનેલ અદ્યતન સ્માર્ટ સબ રજિસ્ટ્રાર ઓફિસનો શુભારંભ

કમલમ્ ન્યુઝ,રાજકોટ

મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે રાજકોટની જૂની કલેક્ટર કચેરી ખાતે નિર્માણ પામેલ બે માળની અદ્યતન સ્માર્ટ સબ રજિસ્ટ્રાર ઓફિસનો શુભારંભ થયો હતો.

મુખ્યમંત્રીશ્રી સહિતના મહાનુભાવોએ તકતી અનાવરણ કર્યા બાદ આ નવનિર્મિત ભવનનું નિરીક્ષણ કર્યુ હતું. આ બિલ્ડિંગમાં સબ રજીસ્ટ્રાર ઝોન-૨ (મોરબી રોડ), ઝોન-૮ (રૂરલ) અને મોડેલ મદદનીશ નોંધણીનિરીક્ષકની કૂલ ત્રણ કચેરીઓ કાર્યરત રહેશે. જૂની કલેક્ટર કચેરીના કેમ્પસખાતે સબ રજીસ્ટ્રાર ઓફિસમાંનવા બે માળ રૂ. ૩.૫૨ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવ્યા છે, આ કચેરી વેઈટિંગરૂમ, રેકોર્ડરૂમ, ઓફિસર ચેમ્બર, સ્ટાફ રૂમ, લિફ્ટ, કોન્ફરન્સહોલ,વોટરરૂમ, પાર્કિંગ, પુરુષ અને મહિલા વોશરૂમની તમામ સુવિધાઓથી સજ્જ છે. પ્રથમ માળે વેઈટિંગ રૂમ, રેકર્ડ રૂમ અને બીજા માળે કોન્ફરન્સ હોલ, સ્ટાફ રૂમ, એ.આઈ.જી.આર.શ્રી તેમજ નોંધણી નિરીક્ષકશ્રીની ચેમ્બર કાર્યરત થશે. આતકે પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયા અને મહિલા બાળ કલ્યાણ મંત્રીશ્રી ભાનુબેન બાબરીયા, સાંસદ સર્વશ્રી રામભાઈ મોકરીયા અને મોહનભાઈ કુંડારિયા, ધારાસભ્ય સર્વશ્રી ડો.દર્શિતાબેન શાહ, ડો. મહેન્દ્રભાઈ પાડલીયા, રમેશભાઈ ટીલાળા, અગ્રણી સર્વેશ્રી ભરતભાઈ બોઘરા, શ્રી મુકેશભાઈ દોશી, શ્રી રાજુભાઈ ધ્રુવ, કલેકટરશ્રી પ્રભવ જોષી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી દેવ ચૌધરી, ડીસીપી ક્રાઈમશ્રી પાર્થરાજસિંહ ગોહિલ, ગુજરાત રાજયના ઈન્સ્પેક્ટર જનરલ ઓફ રજિસ્ટ્રારશ્રી જેનુ દેવાન, ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ ઓફ રજિસ્ટ્રારશ્રી આર.એમ. મછાર, આસિસ્ટન્ટ આઈ.આર. શ્રી એચ.એન.પટેલ,રાજકોટ મદદનીશ નોંધણી સબનિરીક્ષકશ્રી અજયકુમાર ચારેલ, પ્રાંત અધિકારીશ્રી કે.જી. ચૌધરી તથા વિવિધ પદાધિકારીઓ, અધિકારીઓ ઉપસ્થિતરહ્યા હતા.

વડાપ્રધાનશ્રીના રેસકોર્સ ખાતેના કાર્યક્રમ સંબંધી તૈયારીઓનું નિરીક્ષણ કરતા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર

કમલમ્ ન્યુઝ,રાજકોટ

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી તા. ૨૭ જૂલાઈના રોજ રાજકોટના રેસકોર્સ મેદાન ખાતે જનસભા સંબોધવાના છે, જે સંદર્ભે આજે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે રેસકોર્સ ખાતે વડાપ્રધાનશ્રીના સભાસ્થળની મુલાકાત લઈ વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવેલ તૈયારીઓનું નિરીક્ષણ કર્યુ હતું. અધિકારીશ્રીઓ પાસેથી પ્રવેશ, નિકાસ, વી.આઈ.પી. તેમજ અન્ય બેઠક વ્યવસ્થા અને બેઠકક્ષમતા, જાહેર સલામતી અને અન્ય વ્યવસ્થાઓ વિશે માહિતી મેળવી તેમણે જરૂરીસૂચનો કર્યાહતા. આ તકે મંત્રીશ્રી સર્વે શ્રી રાઘવજીભાઈ પટેલ, શ્રી કુંવરજીભાઈ બાવળીયા, શ્રી ભાનુબેન બાબરીયા, મેયરશ્રી પ્રદીપ ડવ, સંસદ સભ્યોશ્રી મોહનભાઈ કુંડારિયા અને શ્રી રામભાઈ મોકરિયા, ધારાસભ્યોશ્રી રમેશભાઈ ટિલાળા તેમજ શ્રી દર્શિતાબેન શાહ, અગ્રણીશ્રી ભરતભાઈ બોઘરા તેમજ કલેક્ટરશ્રી પ્રભવ જોષી, પોલીસ કમિશનરશ્રી રાજુ ભાર્ગવ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી દેવ ચૌધરી, નાયબ પોલીસ કમિશનરશ્રી પાર્થરાજસિંહ ગોહેલ, માર્ગ અને મકાન વિભાગના વરિષ્ઠ અધિકારીશ્રીઓ સર્વેશ્રી એન.બી. પાવાગઢી, શ્રી કે.એન. ઝાલા, શ્રી ડી. ડી. શેખલિયા, શ્રી ગૌરાંગ નાંઢા, શ્રી સિદ્ધાર્થ જાની વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

કમલમ્ ન્યુઝ,

સિધ્ધપુર નગરપાલિકા સમાવિષ્ટ રાજપુર બોર્ડનં ૨ની ચાર બેઠકો રાજીનામાના કારણે ખાલીપડેલ તેની ચૂંટણી યોજાનાર હોઈ આજે ફોર્મ ભરવાના છેલ્લા દિવસે પ્રદેશ ભાજપની સૂચના અનુસાર સિદ્ધપુરના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂતે સિદ્ધપુર ભાજપના હોદ્દેદારોને ઉપસ્થિત રાખી ભાજપના ઉમેદવાર (૧) ભરતભાઈ પટેલ (૨) નટવરભાઈ પટેલ (૩) પુષ્પાબેન પટેલ (૪) નિરમાબેન ઠાકોરના ફોર્મ પ્રાંત ઓફિસર સંકેત પટેલ સમક્ષ રજૂ કરવામાં આવ્યાહતા ઉલ્લેખનીય છે કે ચાર ચાર ડમી ઉમેદવારના ફોર્મ પણ રજૂ કરવામાં આવ્યા હતા ફોર્મ ભર્યા બાદ પત્રકારોને સંબોધતા બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે અમો ઉપરોક્ત ચારેય સીટો મોટી લીડથી જીતવાના છીએ

વિધાનસભા નાયબ દંડક શ્રી વિજયભાઈ તેમજ વલસાડ-ડાંગ સાંસદસભ્ય શ્રી ડો. કે.સી. પટેલના હસ્તે પ્રા.આરોગ્ય કેન્દ્ર ગારખડીનુ લોકાર્પણ કરાયુ

કમલમ્ ન્યુઝ,અમરનાથ જગતાપ

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય આરોગ્ય શાખા, ડાંગ જિલ્લા પંચાયત સંચાલિત પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ગારખડીના નવનિર્મિત મકાનનો લોકાર્પણ કાર્યક્રમયોજાયોહતો. વિધાનસભાના નાયબ દંડક અને ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલ તેમજ વલસાડ-ડાંગના સાંસદશ્રી ડો. કે. સી.પટેલના હસ્તે પ્રાથમિક આરોગ્ય કેદ્રનુ લોકાર્પણ કરાયુ હતુ. આ પ્રસંગે કાર્યક્રમના મુખ્ય મહેમાન નાયબ દંડક શ્રી વિજયભાઈ પટેલે જણાવ્યુ હતુ કે, રાજ્ય સરકારે છેવાડાના માનવીઓને વિવિધ સરકારી યોજનાઓથી લાભાવિત કર્યા છે. છેવાડાના વિસ્તારમા આરોગ્યની સુવિધાઓ પુરી પાડવામાંઆવી છે. ત્યારે ગારખડી ગામમા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમા વિવિધ આરોગ્યલક્ષી સુવિધાઓનો લાભ દરેક લોકોને મળી રહેશે. આશરે ૧.૧૦કરોડના ખર્ચેતૈયાર કરાયેલ ગારખડી પ્રાથમિક આરોગ્ય કેદ્રના નવનિર્મિત મકાનમા ઓપીડી સર્વિસ, ઈન્ડોર સર્વિસ, ડિલિવરી સર્વિસ તમામ રોગોને લગતી સર્વેલન્સની કામગીરી, લેબોરેટરી, રસીકરણ, આયુષ્યમાન ભારત અંતર્ગતનીપી.એમ.જે.એ.વાય કાર્ડ, ઈમરજન્સી સેવાઓ વગેરે પુરી પાડવામા આવશે. ડાંગ જિલ્લામા કનેક્ટિવિટીની સુવિધાઓ મળીરહે તે માટે બી.એસ.એન.લ. ના ૩૮ ટાવર મંજૂર કરવામાં આવ્યા છે. તેમજ વધુ ૫૦ ટાવરો માટેની મંજૂરી મળી ગઈ છે. જેનું ટૂંક સમયમાં કામગીરી શરૂ કરવામાં આવશે તેમ શ્રી વિજયભાઈ પટેલે જણાવ્યું હતું. સાંસદ સભ્ય શ્રી ડો. કે. સી. પટેલે જણાવ્યુ હતુકે, ડાંગ જિલ્લામાં મેડિકલ કોલેજ મંજુર કરવામાં આવી છે. જેનો લાભ સ્થાનિક વિદ્યાર્થીઓને થશે. વિદ્યાર્થીઓ પોતાના વતનમાં મેડિકલનું જ્ઞાન મેળવી શકશે. વધુમાં તેમણે જણાવ્યું હતુંકે, દેશના વડા પ્રધાન મોદી દ્વારા આરોગ્ય માટે આયુષ્યમાન કાર્ડ યોજના અમલીબનાવીછે, જેમા ૧૦ લાખ સુધીની મફત આરોગ્ય સેવા મળવા પાત્રછે. જેનો લાભ લેવામાટે દરેક લોકોને અનુરોધ કર્યો હતો. છેવાડાના માનવીને સારી સુવિધાઓ મળીરહે તેમાટે સરકાર સતત પ્રયત્નશીલ છે. ગારખડી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સ્થાનિક લોકો માટે ખુબ જ ઉપયોગી થશે, તેમ નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી યોગેશ જોષીએ પોતાના પ્રાસંગિક વકતવ્યમા જણાવ્યું હતું. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ગારખડીના કાર્ય વિસ્તારમા કુલ ૩૬ ગામો આવેલા છે. જેમાં કુલ૩૫,૩૬૧ની વસ્તીઆવેલ છે.

આ વિસ્તારમા ૬ હેલ્થ અને વેલનેસ સેન્ટર આરોગ્યલક્ષી તમામ સેવાઓ પુરી પાડે છે. દરમ્યાન એસપીરેશનલ તાલુકો સુબીરના કાર્યવિસ્તારમા આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ગારખડીના ગામોમાથી અતિ કુપોષિત કુલ ૫૫ બાળકોને મેડિકલ કેમ્પના માધ્યમથીતબીબી ટીમદ્વારા મફત તપાસ અને સારવાર આપવામા આવી હતી. આ પ્રસંગે જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના અધ્યક્ષા શ્રીમતીહેતલબેન ચૌધરી, જિલ્લા સદસ્ય શ્રીમતી બીબીબેન ચૌધરી, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી ચૌધરી, નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી યોગેશ જોષી, ડી.કયુ.એમ.ઓ શ્રી ડો. દિલીપ શર્મા, આહવા તાલુકા હેલ્થ ઓફિસર શ્રીમતી ડો. અનુરાધા ગામિત, ગારખડી મેડિકલ ઓફિસર કુ.ભાવેશ્રી ચૌધરી, તાલુકા સદસ્ય શ્રી ઈતારામભાઈ બઈરમ, ગારખડી ગ્રુપ ગ્રામ પંચાયત સરપંચ શ્રી બાલુભાઈ વળવી, માળગા ગ્રુપ ગ્રામ પંચાયતના સરપંચ શ્રી અર્જુનભાઈ ચૌધરી, ભાજપ મહામંત્રી શ્રી રાજુભાઈ ગામિત, આરોગ્ય કર્મીઓ તેમજ મોટી સંખ્યામાં સ્થાનિક લોકો ઉપસ્થિત રહ્યાહતા.

માંડવી તાલુકાના રેગામા ગામે કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયનું ખાતમુહૂર્ત કરતા આદિજાતિ વિકાસ રાજયમંત્રી કુંવરજીભાઈ હળપતિ

સમગ્ર દેશમાં ગુજરાત રોડ મોડલ તરીકે ઉભરી રહ્યું છે : સાંસદશ્રી પ્રભુભાઈ વસાવા

અન્ય પ્રાંતોની હાઇસ્કુલોથી ઉત્તમ ગુજરાતની આંગણવાડી અને પ્રાથમિક શાળાઓ બની છેઃ મંત્રીશ્રી કુંવરજીભાઇ હળપતિ

કમલમ્ન્યુઝ,મયુર પટેલ

માંડવી તાલુકાના રેગામા ગામ ખાતે સર્વ શિક્ષા અભિયાન અંર્તગત ૨૦૦ કન્યાઓ માટે રૂ.૫.૨૪ કરોડના ખર્ચે સાકારીત થનાર કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયનું બારડોલી સાંસદશ્રી પ્રભુભાઈ વસાવાની પ્રેરક ઉપસ્થિતિમાં આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી કુંવરજીભાઈ હળપતિના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. મંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં વિકાસની રાજનીતિ કરવાની અનોખી પ્રણાલી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની ભેટ છે. શિક્ષણ શિક્ષા ન રહે પરંતુ વિદ્યાનું રૂપ બને તે માટે કેન્દ્ર અને રાજ્ય સરકારે એકલવ્ય મોડલ રેસિડેન્સીયલ શાળા, આદર્શ નિવાસી શાળા, સૈનિક શાળાઓનું નિર્માણ કર્યું છે. કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય (કે.જી.બી.વી.)માં અનાથકન્યા કે માતા-પિતા બે માંથી એક જ હયાત હોય જેમના વાલીઓ મજૂરી માટે અન્ય સ્થળેસ્થળાંતર થયાહોય તેવી કન્યાઓને નિઃશુલ્ક રહેવા જમવાની સગવડ સાથે પ્રારંભિક શિક્ષણ પૂર્ણ કરી શકે તેવી વ્યવસ્થા થઈ રહી છે. ગુજરાતની શાળાઓની સુવિધા અને શિક્ષણ અંગેપોતાનો પ્રતિભાવ વ્યક્ત કરતાં આદિજાતિ મંત્રીશ્રી કહ્યું હતું કે, દેશના અન્ય પ્રાંતોની હાઈસ્કુલોથી ઉત્તમ ગુજરાતની આંગણવાડીઅને પ્રાથમિક શાળાઓ બની છે. આ સાથે માંડવી તાલુકાના રેગામા ગામખાતે કાર્યરત કે.જી.બી.વીમાં બાલિકાઓને સ્ટેશનરી, આરોગ્ય તપાસ, દર મહિને રૂ.૧૦૦ સ્ટાઈપેન્ડ, સેલ્ફ ડિફેન્સ ટ્રેનિંગ, લાઈફસ્કીલ ટ્રેનિંગસાથે વોકેશનલ પ્રવૃતિઓની સુવિધા આપવામાં આવી રહી છે. સમગ્ર દેશમાં ગુજરાત રોડ મોડલ તરીકે ઉભરી રહ્યું છે એમ સાંસદશ્રી પ્રભુભાઈ વસાવાએ જણાવતા કહ્યું હતું કે, શિક્ષિતવર્ગ સાચીવાતને સમાજના દરેક સ્તર સુધી લઈ જવામાં મહત્વની ભૂમિકાભજવે છે. કેન્દ્ર અને રાજ્ય સરકારે ગરીબ અને આદિવાસીબંધુઓને કેન્દ્રમાં રાખીને અનેક કલ્યાણકારી યોજનાઓ અમલી બનાવી છે. ગુજરાતની દિકરીઓ દરેક ક્ષેત્રે અગ્રેસર થઈ રહી છે. સમગ્ર શિક્ષા અભિયાન અંર્તગત મધ્યાહન ભોજન, શિક્ષણ માટે ગ્રાન્ટ, શિક્ષણની યોજનાઓ આશીર્વાદ રૂપ બની રહેશે. કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયમાં ગ્રાઉન્ડ ફ્લોર ઉપરાંત ૩ માળમાં બે ક્લાસરૂમ, બે લાઈબ્રેરી, ૬ ડોરમેટ્રી રૂમ, સેનેટ્રી રૂમ, સ્ટાફ રૂમ, કોમ્પ્યુટર રૂમ, વોટરરૂમ, ટોયલેટ બ્લોક, ક્લાસરૂમમાં સ્પીકર તથા ફાયર સેફટી, સી.સી.ટી.વી.કેમેરાસહિત દિવ્યાંગોમાટે રેમ્પજેવી આધુનિક સુવિધાથી સજ્જ વિદ્યાલય નિર્માણ પામશે. આ પ્રસંગે નાયબ જિલ્લા પ્રા.શિક્ષણાધિકારી વી.એ.વસાવા, જિ.પં.બાંધકામ સમિતિ અધ્યક્ષ રોહિતભાઈ પટેલ, ઉપપ્રમુખ ગીતાબેન પટેલ,તા.પં. ઉપ પ્રમુખ આતિશભાઈ ચૌધરી, માંડવી તા. કારોબારી સમિતિ અધ્યક્ષ પ્રવીણભાઈ ચૌધરી, સુરત જિલ્લા જેન્ડર કો. ઓર્ડીનેટર સપનાબેન મોદી, સરપંચશ્રીઓ, શાળાના આચાર્ય, શિક્ષકગણ, વિદ્યાર્થીઓ, વાલીઓ, સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

હાંસોટ તાલુકાના બાલોટા ગામ ના યુવકો પગપાળા કાવડ લઈ કેદારનાથ જવા રવાના થયા

કમલમ્ન્યુઝ,નરેન્દ્ર પટેલ

ભરુચ જિલ્લા ના હાંસોટ તાલુકાના બાલોટા ગામ ના યુવકો પગપાળા કેદારનાથ કાવડ લઈ જવા માટે રવાના થયા છે. કાવડ માં તાપી. નર્મદા, બાલોટા, રામેશ્વર અને કાશીવિશ્વનાથ ખાતે થી લાવેલા પાંચ અલગ અલગ જળ કાવડ માં ભરી પવિત્ર શ્રાવણ માસ માં કેદારનાથ મંદિર ખાતે પંચામૃત જળાભિષેક કરશે સાથે .૧૨ માં જ્યોતિર્લિંગ સાથે યુવાનો ની ૧૨ જ્યોતિર્લિંગ ની મનોકામના પૂર્ણ થશે - હાંસોટ તાલુકાના બાલોટા ગામ ના યુવાનો છેલ્લા ૧૧ વર્ષ થી ભોળા શંભુની અનોખી ભક્તિ કરી રહ્યા છે. ૧૧ વર્ષ પૂર્વે ૧૨ જ્યોતિર્લિંગ ના પગપાળા કાવડ લઈ જળાભિષેક કરી દર્શન કરવાનીમહેચ્છા વચ્ચે. આજે ૧૧ વર્ષ પૂર્ણ કરી ૧૨ માં વર્ષે બાલોટા ગામ ના યુવાનો અંદાજે ૧૫૦૦ કિલોમીટર કરતાવધુ અંતર કાપી અંતિમ જ્યોતિર્લિંગ સ્વરૂપે કેદારનાથ પહોંચશે. ગામ ના ૨૩ યુવાનો કેદારનાથ જવા માટે સંઘ લઈ નીકળતા ગામ ના શિવ મંદિરમાં પૂજા કરી હતી જે બાદ ગ્રામજનો દ્વારા ફુલહાર અને ભજન કીર્તન સાથે ભાવભીની વિદાય સાથે યુવાન હેમખેમ યાત્રાપૂરી કરે એવી પ્રાર્થના કરી હતી. બાલોટા ગામ ના યુવાનો કાવડ લઈ પગપાળા જઈ દર વર્ષે એક એક જ્યોતિર્લિંગ નાં દર્શન કરી અગિયાર જ્યોતિર્લિંગ નાં દર્શન કરી ચૂક્યા છે. બારમાંઅને છેલ્લા કેદારનાથ જ્યોતિર્લિંગ ના દર્શન કરવા માટે નીકળ્યા હતા. અને અંદાજે ૧૫૦૦ કિલોમીટર નું અંતર કાપી કેદારનાથ મંદિર દર્શન કરી પંચામૃત જળાભિષેક કરશે. ગામના સુરેશભાઈ પટેલ ની રાહબરી હેઠળ નિકળેલા યુવાનો નો પગપાળા સંઘ અંકલેશ્વર આવતા રસ્તામાં લોકો તેમને જય ઘોષ સાથે જુસ્સો વધાર્યો હતો. આ કાવડ યાત્રીઓ રોજ ના ૭૦થી ૭૫ કિલોમીટર તેઓ ચાલશે અને ૩૦ દિવસે કેદારનાથ ખાતે ૨૮ મી ઓગસ્ટ ના રોજ શ્રાવણ માસ ના સોમવારે મહાદેવ પર પાંચ સ્થળ ના નીર નો પંચામૃત નો અભિષેક કરશે.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028